**સુવિચાર**

સૂર્યનો પ્રકાશ તો સંધ્યા થતા અસ્ત થાય છે. જયારે વિવેકનો પ્રકાશ કદાપિ અસ્ત થતો નથી. જેનો ઉદય છે એનો સદા અસ્ત છે.

:: સૌજન્ય ::

**નિલકંઠ જવેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૯/૦૫/૨૦૨૪, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ્ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com


# અમરેલી એક્સપ્રેસ

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.


ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટ્સ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
**નિત્યમ વિદ્યા સંકુલ**
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી.
મો.૯૯૨૫૪ ૫૧૧૫૧



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ વૈશાખ સુદ-૧૧ વર્ષ : ૧૫ અંક : ૧૩૪



હવે...બદલાશે સારવારની પરીભાષા
અમરેલીમાં એકમાત્ર રેગ્યુલર યુરોલોજીસ્ટ ધરાવતી હોસ્પિટલ
સાંધા બદલવાના ઓપરેશન તદ્દન મફત કરી આપવામાં આવે છે

**નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ**
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ (ગુજરાત) ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦
લેબોરેટરી, ડીઝીટલ એક્સ-રે, મેડિકલ સુવિધા રાહતદરે ઉપલબ્ધ.
આયુષ્માન ભારત યોજના દ્વારા મફત સારવાર ઉપલબ્ધ.
વાહન અકસ્માતમાં મફત સારવાર અને ઓપરેશન (પ્રથમ ૪૮ કલાકમાં)

ડૉ. અંકિત ગાબાણી (M.B.B.S., D.ORTHO)
ડૉ. નીત ચોટાઈ MBBS, M.S., DrNB (Urology)

NETRA CHIKITSA TRUST
24/7 Emergency Services



Aikyam
એક્યમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
Follow us Now :-

**અતિશય તણાવના સામાન્ય લક્ષણો**
- ઊંઘ અથવા પાચનમાં સમસ્યા.
- નિર્ણય લેવામાં મુશ્કેલી.
- બેચેની અથવા ખોટા વિચારો.
- છાતીનો દુઃખાવો.
- માથાનો દુઃખાવો.
- યાદ રાખવામાં સમસ્યા.
- એકલા રહેવાનો અનુભવ.

જો તમને આવા લક્ષણો જણાય તો આજે જ અનુભવી સાઈકીયાટ્રીની મુલાકાત લો.

અમરેલી જિલ્લામાં ખ્યાતનામ
મગજ, માનસિક રોગો, જાતીય નબળાઈ તથા વ્યસનમુકિતના ડોકટર

ડો. વિવેક જોષી
M.B. (સાઈકીયાટ્રી)
D.P.M., F.I.P.S., M.I.A.P.P

97370 28181 | 02792-224224
પરમ કોમ્પ્લેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.



**હાર્દિક અભિનંદન**

શ્રી ભાવિનભાઈ બાવાભાઈ લાખણોત્રા
કોવાયા

સી.બી.એસ.સી.પરિક્ષાના પરિણામમાં ૯૨.૮ ટકા લાવી ધ આદિત્ય બિરલા પબ્લીક સ્કૂલમાં પ્રથમ આવતા સ્કૂલનું તેમજ તેમના પરિવારનું ગૌરવ વધારવા બદલ ખુબ ખુબ અભિનંદન સહ શુભેચ્છાઓ.

: શુભેચ્છક :
શ્રી ભરતભાઈ લુંભાભાઈ લાખણોત્રા
શ્રી વિપુલભાઈ લુંભાભાઈ લાખણોત્રા
શ્રી સાદુળભાઈ લુંભાભાઈ લાખણોત્રા

મુ. કોવાયા, તા. રાજુલા,જિ.અમરેલી



**મગજ, કરોડરજુ, મણકાના દર્દીઓ માટે**

ફ્રી નિદાન કેમ્પ
તારીખ : ૨૧/૦૫/૨૦૨૪, મંગળવાર
સમય : સવારે ૧૦:૩૦ થી ૧:૦૦ સુધી.

કયા દર્દીઓ લાભ લઈ શકે.
- મગજ, કરોડરજુ, મણકાના રોગો
- પક્ષાઘાત, આંચકી
- મણકામાં ગાદી ખસી જવી
- નસ પર દબાણ આવવુ
- હાથ-પગમાં ખાલી ચડવી, સાયટીકા
- અકસ્માતમાં મગજ-કમરમાં થયેલ ઈજા

૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર

ડૉ. લાલજી માંગુકીયા
(એમસી.એચ.)
કન્સલ્ટન્ટ ન્યુરોસર્જન

**નવજીવન જનરલ હોસ્પિટલ**
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૨૩, ૯૭૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૭૭૮૨ ૬૩૦૦૦



**શ્રી વિવેકાનંદ સ્કૂલ - બાબરા**
કાર્યક્ષેત્ર : નર્સરી થી ધો.૧૨ (કોમર્સ)

માર્ચ ૨૦૨૪ S.S.C. & H.S.C. બોર્ડ પરીક્ષામાં તાલુકા કક્ષાએ સર્વશ્રેષ્ઠ પરીણામ....

**S.S.C. BOARD MARCH 2024 RESULT**

સમગ્ર ગુજરાત રાજયમાં તૃતિય સ્થાન
બાબરા તાલુકા પ્રથમ
SCIENCE 100/100 · SANSKRIT 100/100 · SOCIAL SCIENCE 99/100 · MATHS 99/100
વઘાસીયા મીત (99.97 PR)

| | |
|---|---|
| રાછડીયા શુભ (SANSKRIT 100/100) | 99.64 P.R. |
| ભુવા દેવ | 99.47 P.R. |
| વામજા દ્રવ્ય (MATHS 100/100) | 99.28 P.R. |
| પરમાર હર્ષિલ | 99.21 P.R. |
| મુંધવા હરેશ (MATHS 100/100) | 98.27 P.R. |
| વીરપરા સિધ્ધી (SANSKRIT 100/100) | 97.40 P.R. |
| જીવાણી સાયમન | 95.53 P.R. |
| ગરૈયા જય | 95.43 P.R. |
| આદ્રોજા જાનવી | 95.24 P.R. |
| રાઠોડ જેમીન | 95.24 P.R. |
| મેતા ઋષભ | 95.08 P.R. |
| સોરઠીયા નિશા | 94.46 P.R. |
| દલસાણીયા અક્ષરા | 93.63 P.R. |
| વામજા રાજ | 93.45 P.R. |
| પડીયા શ્યામા | 92.22 P.R. |
| ભડીયાદ્રા શુભમ | 91.31 P.R. |
| બારૈયા રાજવીર | 91.31 P.R. |

**H.S.C. BOARD MARCH 2024 RESULT**

Account 100/100
સોરઠીયા દેવ (99.24 PR)

| | |
|---|---|
| પડીયા ખુશી | 98.64 P.R. |
| શેલીયા માધવી | 97.66 P.R. |
| મેતર સુઝાન | 97.66 P.R. |
| કરકર ઓમ | 97.56 P.R. |
| કુબાવત હાર્મની | 96.69 P.R. |
| લાંપણોજા હેત્વી | 92.27 P.R. |
| સાવલીયા કુંજલ | 90.48 P.R. |
| પરમાર વિલાસ | 90.06 P.R. |

શાળાનું પરીણામ 100%

99+ PR 06 Students · 95+ PR 18 Students · 90+ PR 27 Students

Admission OPEN
Mo. 95861 02525 / 94274 55593 / 94288 92183

## ભૂગર્ભ ગટરનાં ગંદા પાણીનાં વહેણનાં કારણે રોગચાળો ફાટી નીકળવાની સ્થિતિ

# લીલીયામોટાનાં હનુમાનપરા વિસ્તારની નર્કાગાર જેવી સ્થિતિ


ગામ પંચાયત પ્રાથમિક સુવિધા આપવામાં સદંતર નિષ્ફળ સાબિત

અગાઉનાં શાસકો દ્વારા અવારનવાર સફાઈ થતી હતી અને બધુ જ ઠપ્પ

જનપ્રતિનિધિની નિષ્ક્રીયતાથી ગ્રામજનોમાં નારાજગીનો માહોલ ઉભો થયો

જિલ્લા વિકાસ અધિકારીએ સ્થળ પરીક્ષણ કરીને સમસ્યાનું નિરાકરણ કરવું જોઈએ





લીલીયા મોટા, તા. ૧૮

લીલીયા શહેરની તમામ પ્રકારની પ્રાથમિક સુવિધા ખાડે ગઈ છે. રોડ રસ્તા બિસ્માર, ભૂગર્ભ ગટરનાં ગંદા પાણી રસ્તા પર વહી રહ્યા છે, શહેરની મેઈન બજાર, નાવલી બજાર સહિત શેરી–ગલ્લીઓમાં પણ દુર્દશા જોવા મળી રહી છે.

શહેરનાં હનુમાનપરા, મફત પ્લોટ સહિતનાં વિસ્તારોમાં કરોડો રૂપિયાનાં ખર્ચે ભૂર્ગભ ગટર યોજના સાકાર થઈ ત્યારથી શહેરીજનો માટે મુશ્કેલીરૂપ સાબિત થઈ રહી છે. અગાઉ ખુલ્લી ગટર સારી હતી તેમ સરેઆમ કહી રહ્યા છે. ખુલ્લી ગટરની કમસેકમ દરરોજ સાફ સફાઈ થતી જયારે નમાલી નેતાગીરીનાં કારણે પાછલા એક દાયકા પહેલા અમલમાં આવેલી ભૂગર્ભ ગટરની સફાઈ માટે પુરતી સાધન સફાઈ માટે મશીનરી પણ વસાવી નથી શકયા જેને લઈ પાછલા કેટલાંક વર્ષોથી ગ્રામજનો ભૂગર્ભ ગટર સમસ્યાનો સામનો કરી રહ્યા છે.

---

## એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

# દેલવાડાથી ઉના તરફ આવી રહેલ રીક્ષામાંથી વિદેશી દારૂની બોટલ ઝડપાઈ

રૂપિયા ૧૫,૬૦૦નો મુદ્દામાલ ઝડપી લેવાયો



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૧૮

ગીરસોમનાથ પોલીસ અધિક્ષકમનોહરસિંહએન.જાડેજાદ્વારા જિલ્લામાં દારૂ જુગાર જેવી ગેરકાયદે પ્રવૃત્તિ દુર કરવા કડક અમલવારી કરવા આદેશ આપેલ હોય તેમજ ડી.વાય.એસ.પી. એમ.એફ. ચૌધરી દ્વારા દારૂ જુગાર બંધ કરવા કડક સુચના અન્વયે પો.ઈન્સ. એમ.એન. રાણાદ્વારા આવી પ્રવૃત્તિ આચરનાર સામે કડક કાર્યવાહી કરવા સુચના આપેલ હોય. જેઓના માર્ગદર્શન અને આગેવાની હેઠળ થયેલ કાર્યવાહી મુજબ સર્વેલન સ્કોર્ડના એ.એસ.આઈ. ધર્મેન્દ્રસિંહ પરમાર, એ.એસ.આઈ. ભાવેશભાઈ ખસીયા, જોરૂભા મકવાણા, પો.હેડ. કોન્સ. અનીરૂધ્ધભાઈ બારડ, હરપાલસિંહ ચુડાસમા, વિજયસિંહ ચૌહાણ, રાહુલભાઈ છેલાણા, પો.કોન્સ. વિજયભાઈ રામ, અનિલભાઈ જાદવ, રવિસિંહ ગોહીલ એ રીતેના પો.સ્ટાફના માણસો પેટ્રોલિંગમાં હોય. તે દરમ્યાન દેલવાડા તરફથી ઉના આવી રહેલ વાદળી કલરની અતુલ શકિત રીક્ષા રજી.નં. જી.જે.–૨૧વી ૦૩૨૧ વાળી જેની કિંમત રૂા. ૨૦ હજારવાળીમાં ગેરકાયદેસર વગર પાસપરમીટે ભારતીય બનાવટની વિદેશી દારૂ સીગ્રામસ રોયલ સ્ટેગ કલાસીક વિહસ્કી ૭૫૦એમ.એલ.ની કાચની કંપનીશીલ પેક બોટલ નંગ–૨૪ જેની કિંમત રૂા. ૯૬૦૦નો જે કુલ દારૂ ૧૮ લીટર હોય જેની કુલ કિંમત રૂા.૨૯હજાર ૬૦૦તથા દરિયાઈ ખાડીમાંથી રોયલ ચેલેન્જ ફીનીસ્ટ વ્હીસ્કી ૭૫૦ એમ.એલ.ની કાચની કંપની સીલ પેક બોટલો નંગ ૧૨ જેમાંથી એક બોટલ લઈ જેની કિંમત રૂા. ૪૮૦૦ ગણી તથા ઈમ્પીરીયલ બ્લુ હેંડ પીકેટ ગ્રીન વ્હીસ્કી ૭૫૦એમ.એલ.ની કાચની કંપની સીલ પેક બોટલો નંગ ૩ જેની કિંમત રૂા. ૧૨૦૦ જે દારૂ ૧૧ લીટર ૨૫૦એમ એલનો હોય જેની કુલ કિંમત રૂા. ૬૦૦૦ મળી કુલ રૂા. ૧૫૬૦૦નો પ્રોહી મુદામાલનો જથ્થો ઝડપી પાડી અજયભાઈ કમાભાઈ સોંલકી રહે. ઉના, હાજીભાઈ કાસમભાઈ સુમરા રહે. ગીર ગઢડાને ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

---

## સાંજ સુધીમાં છોકરી હાજર કરવાનું કહીને

# સાવરકુંડલાનાં ધજડી ગામનાં રીક્ષા ચાલક ઉપર અજાણ્યા શખ્સે હુમલો કર્યો

અમરેલી, તા. ૧૮

સાવરકુંડલા તાલુકાના ધજડી ગામે રહેતા અને ભાર રીક્ષામાં ડ્રાઈવીંગ કરતાં ચતુરભાઈ જમનાદાસ સરૈયા નામનાં ૫૦ વર્ષિય આધેડ ગત તા. ૧૬ ના બપોરે ૨ વાગ્યે પોતાની ભાર રીક્ષામાં સબમર્સીબલ મોટર તેમજ મોટરના પાઈપ તેમજ ખાતર ભરીને સાવરકુંડલાથી ધજડી ગામે જવા માટે નીકળેલ તે દરમ્યાન ધજડી ગામના પાટીયા પાસે પહોંચતા એક નંબર પ્લેટ વગરની વાદળી કલરની મોટર સાયકલ ઉભેલ હોય અને તેની બાજુમાં સફેદ કલરનો રૂમાલ મોઢે બાંધી એક અજાણ્યો ઈસમ ઉભેલ હોય જેનાં હાથમાં લોખંડનો પાઈપ હોય. આ અજાણ્યો ઈસમ અચાનક દોડીને આવી રીક્ષા ચાલકને ડાબા હાથની કલાઈ ઉપર મારી જેથી રીક્ષા ચાલક રીક્ષામાંથી નીચે ઉતરતા આ અજાણ્યા ઈસમે ઉશ્કેરાઈ જઈ આધેડને પાઈપથી આડેધડ ઘા મારેલ અને જતા જતા કહેલ કે કાલ સાંજ સુધીમાં છોકરી હાજર કરી દેજે નહીતર તને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી આધેડને ડાબા હાથમાં ફેકચર કરી દીધાની ફરિયાદ નોંધાઈ છે.

---

## ૧૦ વર્ષ પહેલા બન્યા બાદ હાલત કફોડી

# અમરેલીથી લીલીયા વચ્ચેનો માર્ગ બિસ્માર બનતા વાહન ચાલકો પરેશાન

ભાજપ અગ્રણી ભાસ્કરભાઈએ રજૂઆત કરી

અમરેલી તા. ૧૮

અમરેલી – લીલીયા હાઈવે આજથી ૧૦ વર્ષ પહેલા બનેલો તેમ મોટા–મોટા ખાડા પડી ગેયેલ છે જેમાં ટુવ્હીલ વાહન ફસાય જાય તેવા વળીયા પડી ગયા છે. જેથી અનેક લોકોના નાનામોટા અકસ્માત થાય છે. વળી ભાવનગર ગારીયાધાર અને પાલીતાણાનો ટ્રાફીક સતત રહેતો હોઈ ત્યારે આ રોડને તાત્કાલિક પહોળો કરી અને પેપર બનાવવામાં આવે તેવી લોકો માંગણી ઉભી થઈ છે. તેવું આ વિસ્તારના ખેડૂત આગેવાન અને ભાજપ અગ્રણી ભાસ્કરભાઈ પટેલની યાદીમાં જણાવવામાં આવેલ છે.

---

## માણેકપરા વિસ્તારનાં પુર્વ નગરસેવિકા અને

# અમરેલી પાલિકાનાં પૂર્વ પ્રમુખ મંજુલાબેન જોષીનું નિધન

આવતીકાલે સદ્‌ગતનું બેસણું યોજાશે



અમરેલી, તા. ૧૮

અમરેલી માણેકપરાનાં પૂર્વનગરસેવિકા અને પાલિકાના પૂર્વ પ્રમુખ મંજુલાબેન જોષીનું આજરોજ અવસાન થયેલ છે.

સદગતનું બેસણું સોમવારે સાંજે ૫ થી ૭ તેમના નિવાસસ્થાન માણેકપરા ખાતે રાખવામાં આવે છે.

---

## બલિદાન દિન નિમિત્તે

# અમરેલી ખાતે વીર હમીરસિંહને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી

સંવેદન ગૃપ દ્વારા બલિદાનને યાદ કરાયુ



અમરેલી, તા. ૧૮

સોમનાથની સખાતે જઈ ધર્મ રક્ષા કાજે કેસરિયા કરનાર લાઠીનાં કુંવર ધર્મ રક્ષક વીર હમીરસિંહજી ગોહિલને તેમના બલિદાન દિને અમરેલીના બાયપાસ રોડ પર આવેલ પ્રતિમાને સંવેદન ગૃપના પ્રમુખ વિપુલ ભટ્ટી, અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ ઈતેશભાઈ મહેતા તથા રાજપુત સમાજના પ્રમુખ પ્રતાપસિંહ રાઠોડે પુષ્પાંજલી અર્પણ કરતા ભાવવંદના કરી હતી.

---

# વાંકીયા ખાતે ડૅન્ગ્યુ દિવસ ઉજવણી કરવામાં આવેલ

વાંકીયા તા. ૧૮

મુખ્ય જીલ્લા આરોગ્ય અધીકારી ડો.આર.એમ. જોષી ઓફીસર તાલુકા હેલ્થ ઓફીસર ડો.રાજીવકુમાર સીન્હા તથા મેડીકલ ઓફીસર કીરણબેન શેલડીયાના માર્ગદર્શન હેઠળ વાંકીયા ગામ ખાતે ડેંગ્યું દીવસની ઉજવણી કરવામાં આવેલ હતી. મુખ્યત્વે વાંકીયા ગામોના ૭૫૦ થી વધો ઘરોમાં સ્થાનીક આરોગ્ય કર્મચારી આકાશભાઈ ડી. અગ્રાવત પી.જે.બોરીયા તથા આશાબેન નિલાબેન ભટ્ટી કાજલબેન સિધ્ધપરા મનીષાબેન પરમાર, જયશ્રીબેન પરમાર દ્વારા ઘરોમાં જઈ તમામ પાત્રોની કરેલ ડીસકોડ કરેલ, પોરા જોવા મળતા પાત્રોમાં ટેમીફોસ થી સારવાર અને ગ્રામજનોને મેલેરીયા ડેંગ્યુ થી બચવા આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ હતું. ૧૫૦ વધુ ઘરોમાં પોરાભક્ષક માછલીઓ પળા મુકવામાં આવેલ હતી. પાણી ભરેલ ખાડામાં બળેલ ઓઈલ નાખવામાં આવેલ. ઉપકરોત કામગીરીનું સઘન સુપરવીઝન તાલુકા હેલ્થ સુપરવાઈઝર જે.બી.જોષી તથા વાંકીયા સુપ. જી.ડી. ભગત દ્વારા કરવામાં આવેલ હતું.

---

## એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચનો સપાટો

# લાઠી પો.સ્ટેના ચોરીના ગુન્હામાં ૩ વર્ષથી નાસતા–ફરતા આરોપીની અટકાયત

આરોપી શેર બહાદુર મગર ઉર્ફે મગર વિરૂધ્ધ કાર્યવાહી

અમરેલી, તા. ૧૮

લાઠી પોલીસ સ્ટેશનના ચોરીના ગુનાના કામે છેલ્લા ત્રણ વર્ષથી નાસતા ફરતા લીસ્ટેડ આરોપીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.એ.એમ.પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે લાઠી પો.સ્ટે. ના ગુન્હાનાં કામે છલ્લા ત્રણ વર્ષથી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા લીસ્ટેડ આરોપીને ટેકનીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે મોરબી મુકામેથી પકડી પાડી, આગળની કાર્યવાહી થવા સારૂ લાઠી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે. શેરબહાદુર મગર ફર્સેમગર, ઉ.વ.૨૬, રહે.મુળગામ બૈજનાથ, જિ.બાકે (નેપાલ) હાલ રહે.મોરબી, આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલ તથા પો.સ.ઈ. એમ.બી.ગોહિલ તથા એ.એસ.આઈ. જાવેદભાઈ ચૌહાણ, તથા હેડ કોન્સ. મનિષભાઈ જાની, તુષારભાઈ પાંચાણી તથા પો.કોન્સ. રાહુલભાઈ ઢાપા, હરેશભાઈ કુંવારદાસ દ્વારા કરવામાં આવેલ છે.

---

## પૂર્વ સાંસદ ઠુંમરનું ચોંકાવનારૂ નિવેદન

# કેન્દ્ર સરકારે આરબીઆઈ પાસેથી હજારો કરોડ રૂપિયા લઈ લીધા

યુપીએ સરકાર કરતાં પાંચ ગણી વધારે રકમ ઉપાડી



અમરેલી, તા. ૧૮

અમરેલીનાં પૂર્વ સાંસદે કેન્દ્ર સરકારે આરબીઆઈ પાસેથી વધારેમાં વધારે રકમ ઉપાડી લીધી હોવાનું જણાવેલ છે.

તેઓએ જણાવેલ છે કે, લોકસભા ચૂંટણી દરમિયાન સરકારે આરબીઆઈ પાસેથી રૂા. ૧.૬૫ લાખ કરોડ લીધા હતા અને હવે આરબીઆઈની અનામત રૂા. ૩૦,૦૦૦ કરોડ પર આવી ગઈ છે. આ સુચવે છે કે માત્ર બેન્કો જ નહી પરંતુ આરબીઆઈ પણ નાદારીની આરે છે.

તેઓએ વધુમાં જણાવેલ છે કે, આવું કેમ અને કેવી રીતે થયું? આ એવા પ્રશ્નો છે જે આજે સામાન્ય નાગરિકો પુછશે નહીં કારણ કે તેઓ અર્થશાસ્ત્ર કરતાં ધર્મશાસ્ત્રમાં વધુ વ્યસ્ત છે. તેઓ કદાચ જાણતા નથી કે ૨૦૧૪ પહેલા કોઈપણ સરકારે કયારેય આરબીઆઈ પાસેથી સંપૂર્ણ 'સરપ્લસ મની ગ્રોસ પ્રોફિટ' લીધો ન હતો. સરકારે ડિવિડન્ડ તરીકે માત્ર એક ભાગ લીધો હતો. ૨૦૧૮માં જયારે ઉર્જિત પટેલ આરબીઆઈ ગવર્નર હતા ત્યારે મોદી સરકારે બેન્કને તમામ નફો મોકલવા કહ્યું. જો કે પટેલે નિયમો મુજબ ના પાડી, તેમણે ગર્વનર પદ પરથી રાજીનામું આપ્યું ત્યાં સુધી આરબીઆઈ પાસેથી ડિવિડન્ડ તરીકે લેવામાં આવેલ મહત્તમ રકમ રૂા. ૫૦/૫૫ હજાર કરોડ હતી. બાંગ્લાદેશ મુકિત યુધ્ધ દરમિયાન તત્કાલિન વડાપ્રધાન શ્રીમતી ગાંધીએ આરબીઆઈ પાસે રૂા. ૫૦,૦૦૦ કરોડને બદલે રૂા. ૭૦,૦૦૦ કરોડ માંગ્યા હતા પરંતુ બેન્કે સ્પષ્ટપણે ઈન્કાર કર્યો હતો અને સરકારે તેનો સ્વીકાર કર્યો હતો. આ સરકારે માત્ર પોતાના માટે આરબીઆઈના નિયમો જ બદલ્યા નથી પરંતુ ૩૨૩ થી ૨૭ કાયદાઓ બદલીને કોર્પોરેટ અને કંપનીઓના કામને સફેદ કરી નાખ્યું છે. છેલ્લા ૩ થી ૫ વર્ષમાં ૫૦ હજાર કંપનીઓ નાદાર થઈ. બેન્કલોન ગાયબ, ૮૦ હજાર નવી કંપનીઓ નવી લોન લઈને ઉભી થઈ આ છે આ સરકારનું અર્થશાસ્ત્ર શું સુચવે છે.

આજે જો આરબીઆઈ અપેક્ષિત રૂા. ૭૪,૦૦૦ કરોડનો નફો ન હોય અને સરકાર તેમાંથી જે ઓછું હોય તે લે, તો નિષ્ફળ રહેલી બેન્કોને કોણ બચાવશે ? લક્ષ્મી વિલાસ જેવી બેન્કો યાદ કરવી જોઈએ. યસ બેન્ક, ડીએચએફએલ લક્ષ્મી વિલાસને સિંગાપોર બેન્કને વેચી દીધી હતી. અન્ય બે બેન્કોની સ્થિતિ હજુ પણ ખરાબ છે અને હવે વધુ બે બેન્કોનું ખાનગીકરણ કરવામાં આવી રહ્યું છે. કુતુબમિનાર 'વિષ્ણુ સ્તંભ' છે કે જ્ઞાનવાપીમાં 'શિવલિંગ' છે તે સમજવાને બદલે સરકારની આ આર્થિક નીતિ કયાં લઈ ગઈ છે તે સમજવું જોઈએ.

બંધારણીય નિયમો કહે છે કે જો સતત ચાર મહિના સુધી ફુગાવો વધતો રહે તો સરકારે આ પ્રશ્ન સીધો રિઝર્વ બેન્કને પુછવો જોઈએ અને આરબીઆઈએ પણ યોગ્ય જવાબ આપવો જોઈએ પરંતુ છેલ્લા ૬ મહિનાથી મોંઘવારી સુચકાંક વધી રહ્યો હોવા છતાં ન તો સરકારે કોઈ તપાસ કરી કે ન તો આરબીઆઈએ કોઈ ખુલાસો કર્યો. સંસદમાં ચર્ચા થવી જોઈતી હતી પરંતુ આ સરકારે તેમ કર્યુ નથી. સરકાર વિરૂધ્ધ જવા બદલ ઉર્જિત પટેલ સામે કાર્યવાહી કરવી કેટલી ઉચીત છે કેમ ? તેમ જણાવી પૂર્વ સાંસદ ઠુંમરે ઉમેર્યુ હતું કે આવા ઘણા જવલંત ઉદાહરણો હશે ત્યારે સરકાર સામે કોણ જશે ? ઉલટું સરકાર ધ્વારા નિયુકત કરાયેલ બોર્ડ સરકારને ટેકો આપ્યો છે અને આરબીઆઈને આ સ્થિતિમાં લાવ્યા છે.

પૂર્વ વડાપ્રધાન ડો. મનમોહનસિંહના ૨૦૦૬ થી ૨૦૧૪ના આઠ વર્ષના કાર્યકાળની મોદીના ૨૦૧૪ થી ૨૦૨૨નાં કાર્યકાળ સાથે સરખામણી કરીએ તો સ્પષ્ટ થાય છે કે ડો. સિંહના કાર્યકાળ દરમિયાન સરકારે આરબીઆઈ પાસેથી માત્ર રૂા. ૧,૦૧,૬૬૯ કરોડ ઉધાર લીધા હતા જયારે મોદીના કાર્યકાળ દરમિયાન આ રકમ રૂા. ૫,૭૪,૯૭૬ કરોડ છે તે પાંચગણું વધારે છે. આને કહેવાય ''પ્રણાલી ધ્વારા ચાલાકી ધ્વારા ભ્રષ્ટાચાર'' તમે નકકી કરો કે આરબીઆઈ કોણે નાદારી કરી તેમ ઠુંમરે પ્રેસવિજ્ઞપતી જણાવ્યું હતું.

## રાજયનાં મહાનગરોમાં આગમન થતાં જ જનતા જનાર્દનમાં રોષ ઉભો થયો છે

# સાવધાન અમરેલી : વીજળી માટેનાં સ્માર્ટ મીટર આવી રહ્યા છે

### સરકારની દરેક ક્ષેત્રમાં ખાનગીકરણ કરવાની ઘેલછાથી લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકો સર્વોપરીને બદલે બિચારા બની રહ્યા છે


### સ્માર્ટ મીટરમાં જેટલી રકમનું બેલેન્સ કરાવશો તેટલી જ વીજળી વાપરવાની મળશે

### સ્માર્ટ મીટરની ગતિ વધારે હોવાની ફરિયાદ પ્રારંભિક તબકકે જ ઉભી થતાં નારાજગી

### અમરેલી જિલ્લામાં આગામી થોડા દિવસોમાં સ્માર્ટ મીટર લગાવવાનું શરૂ થવાનું હોય વીજ ગ્રાહકો ચિંતિત

અમરેલી, તા. ૧૮

ગુજરાતનાં મહાનગરોમાં ધુમધડાકાભેર શરૂ કરાયેલ સ્માર્ટ વીજ મીટર સામે જનતામાં ભારે રોષ ઉભો થયો છે અને આગામી દિવસોમાં અમરેલી જિલ્લામાં પણ સ્માર્ટ વીજ મીટર લગાવવાનાં હોય જિલ્લાની જનતામાં ચિંતાનો માહોલ ઉભો થયો છે.



રાજય અને કેન્દ્ર સરકારની ખાનગીકરણની આંધળી દોટથી લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકોની હાલત દિનપ્રતિદિન કફોડી બની રહી છે. બસ સ્ટેન્ડથી લઈને એરપોર્ટ, સરકારી કચેરીમાં ગાર્ડથી લઈને અન્ય કર્મચારીઓ, સફાઈથી સ્ટ્રીટલાઈટ સુધી સહિતની તમામ કામગીરી ખાનગી સંસ્થા કે કંપનીને સોંપવામાં આવ્યા બાદ હવે રાજયમાં વીજ ગ્રાહકોને પણ ખાનગી કંપનીને હવાલે કરવામાં આવી રહ્યા છે.

રાજયનાં મહાનગરોમાં વીજ ગ્રાહકોને સ્માર્ટ મીટર આપવામાં આવી રહ્યા છે. જેમાં જેટલા રૂપિયાનું બેલેન્સ (મોબાઈલની જેમ) કરાવશો તેટલા રૂપિયાની વીજળી વાપરવા મળશે અને ભાવ વધારા પરનો કંટ્રોલ સરકાર ન કરે તો વીજળીનાં ભાવમાં તોતિંગ વધારો પણ શકય છે. તેમજ સ્માર્ટ મીટર પુરપાટ ગતિએ દોડે તેવી પણ આશંકા વ્યકત કરવામાં આવી રહી છે.

દેશનાં અનેક રાજયોમાં વીજળીનાં પ્રીપેડ સ્માર્ટ મીટરનો મોટાપાયા પર વિરોધ થઈ રહ્યો છે. ત્યારે ગુજરાત સરકારની ચારેય વીજ કંપનીઓએ છેલ્લા દસ મહિનામાં જનતા ઉપર ૬,૦૦૦ કરોડ જેટલો બોજો નાખી દીધેલ છે. ગુજરાત સરકારનો મુખ્ય ઉદેશ કંપનીઓનું ખાનગીકરણ કરવાનો છે.

સ્માર્ટ મીટર લગાવવાનાં ગેરફાયદા જોઈએ તો વીજ બિલ મુજબ વીજ કંપનીઓને ભાવ વધારો કરવા માટે સરકાર કે જર્કની મંજૂર લેવાની જરૂર નથી જેથી તેઓ પોતાની મનમાની મુજબ ભાવ વધારી શકે છે. પહેલા પૈસા ભરો પછી વીજળી વાપરો ચાર્જિંગ પુરૂ થયેથી વીજળી આપોઆપ બંધ, ગ્રાહક ત્રણ વખત રિચાર્જમાં નિષ્ફળ જશે તો પેનલ્ટી અને ડિપોઝીટ ફરી ભરવી પડશે, વીજળીના ભાવ વધુ વપરાશ સમય વધુ રહેશે એટલે કે ઉનાળાના સમયમાં રાત્રે અને ગરમીના સમયમાં વધુ ભાવ લેવાની છૂટ, જો સ્માર્ટ મીટર બગડે કે બદલવાનું થાય તેવા સંજોગોમાં નવા મીટરના પૈસા ગ્રાહકે ભોગવવનાં રહેશે.

આજના સમયમાં વીજળી જીવનની આવશ્યક જરૂરિયાત છે તેના ખાનગીકરણની સૌથી વધુ અસર સામાન્ય જનતા પર પડશે. આવનારા સ્માર્ટ મીટરના વિરોધમાં આંદોલનનાં ભણકારા વાગી રહ્યાં છે.

### મુસાફરવર્ગ વતી હરેશગીરી ગોસાઈની રજૂઆત

# સાવરકુંડલાથી અમરેલી જવા માટે સાંજે ૬ કલાકે એસ.ટી. બસ સેવા શરૂ કરો

### ડેપો મેનેજરને પત્ર પાઠવી કરી રજૂઆત

અમરેલી, તા. ૧૮

સાવરકુંડલાથી અમરેલી જવા માટે સાંજના ૧૮ કલાકે એકપણ લોકલ બસ ઉપલબ્ધ નથી. સાવરકુંડલાથી અમરેલી જવા માટે સાંજે ૧૭ થી ૧૮:૩૫ સુધીનાં સમયગાળા દરમ્યાન માત્ર ગુર્જરનગરી તેમજ એકસપ્રેસબસ મળે છે અને તેનાંથી લોકોને સાવરકુંડલાથી જિલ્લા મથક સુધી જવા માટે વધુ ભાડુ ખર્ચવાની સાથે ઉભા ઉભા મુસાફરી કરવી પડે છે અને તેનાથી લોકોને ખૂબ જ હાલાકી તેમજ પરેશાની વેઠવી પડે છે. અગાઉ આ સમયગાળા દરમ્યાન અમરેલી ડેપોની અમરેલી–મહુવા–અમરેલી એવા રૂટની ર લોકલ બસ શરૂ હતી. પરંતુ કોઈ કારણોસર તેનાં રૂટમાં વધારો કરવાથી હાલમાં આ લોકલ બસની સેવા બંધ થયેલ છે. તેમજ સાવરકુંડલા ડેપોની પણ ૧૮:૧૫ નાં સમયની ૧ બસ સાવરકુંડલા–અમરેલી–સાવરકુંડલા રૂટ ઉપર ચાલું હતી જે પણ કોઈ કારણોસર હાલમાં બંધ છે.



ઉપરોકત સમય દરમ્યાન મહત્તમ લોકો સાવરકુંડલાથી અમરેલી જવા માટે મુસાફરી કરતાં હોય છે અને લોકલ બસ ન હોવાનાં કારણે નાછુટકે પ્રાઈવેટ વાહનોમાં મુસાફરી કરવી પડે છે. જેનાંથી એસ.ટી.ને પણ નુકસાન થાય છે. જે ધ્યાને લઈ જાહેર જનતાને લાભ મળે અને એસ.ટી.ને પણ આવક થાય તેવા શુભ હેતુથી સાંજના ૧૮ કલાક આસપાસનાં સમય માટે સાવરકુંડલાથી અમરેલી જવા માટે ૧ લોકલ બસની સુવિધા ઉપલબ્ધ થાય અને લોકોની સુખાકારીમાં વધારો થાય તે માટે યોગ્ય કાર્યવાહી હાથ ધરવા હરેશગીરી ગોસાઈએ સાવરકુંડલાનાં એસ.ટી. ડેપો મેનેજરને પત્ર પાઠવેલ છે.

### મહાઆરતી, શોભાયાત્રા, સમૂહપ્રસાદ સહિતનાં કાર્યક્રમોનું આયોજન

# અમરેલીનાં સુપ્રસિધ્ધ નાગનાથ મહાદેવ મંદિરનાં ૨૦૬માં પાટોત્સવની આવતીકાલે ઉજવણી થશે

### નાગનાથ યુવક મંડળ અને રૈયાણી પરિવાર દ્વારા સુંદર આયોજન





અમરેલી, તા. ૧૮

અમરેલી સહિત સમગ્ર સૌરાષ્ટ્રનાં સુપ્રસિધ્ધ નાગનાથ મહાદેવ મંદિરનાં ૨૦૬માં પાટોત્સવની સોમવાર તા. ૨૦ મે નાં રોજ આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવશે.

નાગનાથ મહાદેવ મંદિરનાં પાટોત્સવ નિમિત્તે મહાઆરતી, સાંજે ૬ કલાકે શોભાયાત્રા, ૮ કલાકે પુનઃ મહાઆરતી અને નાગનાથ યુવક મંડળ ધ્વારા સાંજે સમૂહ પ્રસાદ અને ડી.કે. રૈયાણી પરિવાર ધ્વારા સાંજે ૭ કલાકે સત્સંગ અને ૮ કલાકે હોટલ દર્શન ખાતે મહા પ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે.





























**પ્રકરણ-૧૮૫ વર્ષ ૧૯૬૧**

**સારંગા. તેરી યાદ મે, નૈન હુવે.. બેચેન.. મધુર તુમ્હારે મિલન**

**હા.. દિવાના હું મે.. ગમ કા મારા હુવા.. એક બેગાના હું મે જાને કયાં.. ઢૂંધતી રેહતી હૈ યે આંખે મુજ મે.. રાખ કી ઢેર મે જીત હી લેંગે.. બાઝી હમ તુમ.. ખેલ અધૂરા છૂટે ના.. પ્યાર કા બંધન**

**પ્રિય વાચક મિત્રો ,**

૧૯૬૧ના વર્ષની ફિલ્મોની વાત ચાલી રહી છે, ૧૯૬૧ના વર્ષમાં સફળ સંગીત કાર શંકર જયકિશન રહ્યા, સાથે સલિલ ચૌધરી, રવિ, નેસાદ, જયદેવ, સરદાર મલિક અને કિશોરકુમાર અને ખૈયામ સહુથી વધુ સફળ રહ્યા, હિન્દી સિનેમાના મહાન સંગીતકાર આર.ડી.બર્મન આ વર્ષે હિન્દી સિનેમામાં સ્વતંત્ર સંગીતકારરૂપે બહાર આવ્યા, પણ સફળતા હજુ દૂર છે. તે ઉપરાંત કલ્યાણજી આનંદ જી, સી રામચંદ્ર, એસ.એન.ત્રિપાઠી, ચિત્ર ગુપ્ત, હંસલાલ ભગત રામ, દત્તા રામ, એન દત્તા, ઉષા ખન્ના, સ્નેહલ ભાવસાર, એસ મોહિન્દર, શાર્દૂલ મિત્રા, અરૂણ રઘવાન, હનુમાન પ્રસાદ, ત્રિલોકિ, ઈકબાલ કુરેશી, નાસાદ, વસંત દેસાઈ, મદન મોહન, હરબંસ,




રોસન, રોબિન બેનર્જી, ગુલામ મહમદ, એસ મદન, સુધીર ફડકે, શમ ગાંગુલી, દિલિપ ધોળકિયા, નિસાર, સુહરીદ કેર, જી.એસ.કોહલી, બાબુલ, એસ.એસ.માર્ચ, એસ.ડી.બર્મન, લછીરામ, અમ્રુત મર્ચન્ટ, જેવા સંગીતકારો સૂરો રેલાવતા રહ્યા, આજે સંગીત મય સફળ ફિલ્મોની વાત કરીશું.

શોલા એર શબનમ – રમેશ સાઈગલના નિર્દેશનમાં, અને કેફી આઝમીના ગીતો અને ખૈયામના મધુર સંગીત સાથે રફી સાહેબ અને લતાજીના સ્વરમાં જીત હી લેંગે બાઝી હમ તુમ, અને રફી સાહેબના સ્વરમાં જાણે કયાં ઢૂંધતી રેહતી હૈ યે આંખેથી યાદ કરાતી ફિલ્મ શોલા એર શબનમ એ નવા નાયક ધર્મેન્દ્રની સફળ ફિલ્મોમાં ગણાય છે, ધર્મેન્દ્ર, તરલા મેહતા, એમ રાજન, અભિ ભટા ચાર્ય, વિજયા લક્ષ્મી, મુબારક, સુલોચના, લીલા મિશ્રા,થી અભિનીત આ ફિલ્મ બચપણના પ્રેમીઓ પર આધારિત છે, ધર્મેન્દ્ર અને તરલા બચપણના સાથી છે, ધર્મેન્દ્રને તેનો મિત્ર રાજન સારી નોકરી અને મિત્તરતા આપે છે, તેના ભાઈના અભિના લગ્ન તરલા સાથે નક્કી થાય છે, બચપણના ગીત દ્વારા ધર્મેન્દ્ર તરલાને અને તરલા ધર્મેન્દ્રને ઓળખી લે છે, અભિ એક આવારા વ્યક્તિ છે, તે જાણી અને તરલા માત્ર તેને જ ચાહે છે, જાણી ધર્મેન્દ્ર તરલાને પામવા ચાહે છે, બન્નેના પ્રેમના લીધે અભિ પણ સમંત થાય છે, પણ તેના ભાઈ રાજનને ધર્મેન્દ્ર પર ગુસ્સો આવેલ છે, જે અભિના મોત સાથે પૂર્ણ થાય છે, અભિ અંત સમયે ધર્મેન્દ્ર અને તરલાને એક કરતો જાય છે. આફિલ્મ અવેરેજ સફળ રહી હતી.

સારંગા – ધીરૂભાઈ દેસાઈના નિર્દેશન અને નિર્માણમાં, સરદાર મલિકના સફળ સંગીત અને ભરત વ્યાસના ગીતો, અને મુકેશજીના સ્વર માં, સારંગા તેરી યાદ મે, નૈન હુવે બેચેન.. અને હા. દિવાના હું મે. ગમ કા મારા હુવા.. હા દિવાના હું મે... જે ગીતો મુકેશજીના યાદગાર ગીતો પૈકી ના એક ગણાય છે, તે ફિલ્મ એટલે સારંગા. સુદેશકુમાર આ ફિલ્મના નાયક છે, અમુક કલાકારો હિન્દી સિનેમામાં એક કે બે ફિલ્મોમાં અદભૂત અભિનય આપ્યા બાદ સફળ થતાં નથી કે અન્ય વ્યવસાયમાં જોડાઈ જાય છે, તેવા કલાકાર એટલે સુદેશકુમાર, આ કલાકારની બીજી કોઈ માહિતી મારી પાસે નથી. જયશ્રી ગડકર નાયિકા છે, જેઓ આગળ જતાં ઘણી સામાજિક અને ધાર્મિક ફિલ્મોમાં જોવા મળશે, બી.એમ.વ્યાસ, નીલોફર, નિરંજન શર્મા, જયા દેવીથી અભિનીત આ એક સંગીત મય પ્રણય કથા છે, જે માત્ર મુકેશજીના ગાયેલા ગીતોથી આજે યાદ કરાય છે.

## फ़िल्मी सफ़र
(એક ઈતિહાસ)

**હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**

છોટે નવાબ – એસ.એ. અકબરના નિર્દેશન અને, ઉસ્માન અલી એટલે કે મેહમુદના હોમે પ્રોડકશનમાં આ ફિલ્મમાં આર.ડી. બર્મન સંગીતકાર રૂપે પ્રથમ ફિલ્મ પ્રાપ્ત કરી છે, મેહમુદ એસ.ડી.દાદાને કરાર બદ્ધ કરવા ગયેલા પણ તેમણે વ્યસ્તતાના લીધે ફિલ્મ કરવાની ના કહી અને મહમુદે તેમના પુત્ર આર.ડી.એટલે કે રાહુલ દેવને આ ફિલ્મના સંગીતરૂપે નક્કી કર્યા, ફિલ્મના ગીતો જોઈએ તેટલા સફળના થયા, પણ વિવેચકોએ આર.ડી.ની સંગીતકારરૂપે નોંધ લીધી. ફિલ્મમાં આર.ડી. બર્મને એક નાની ભૂમિકા પણ ભજવી હતી, મેહમુદ, અમિતા, જહોની વોકર, મીનું મુમતાઝ જે મેહમુદની સગી બહેન છે, તે ઉપરાંત, હેલેન, નાસિર હુસેન, અચલા સચદેવ, અનવર હુસેન, રાજ કિશોર, યુસુફ, બેલા બોઝ, અને મેહમુદના પુત્ર લકી અલી એ અહી એક બાળ કલાકારની ભૂમિકા ભજવી છે, ફિલ્મ એક કોમેડી થ્રીલર ફિલ્મ હતી, જે સફળ રહી નહીં, ફિલ્મનું ગીત જે હેલેન અને મેહમુદ પર ફિલ્મવાયું છે, મતવાલી આંખો




વાલે.. આર.ડી.ની સફળતાનો પાયો છે. મેહમુદની અન્ય એક ફિલ્મ પ્યાસે પંછી આવેલ જે સફળ રહી ના હતી.મનોજકુમાર હિન્દી સિનેમામાં સંઘર્ષ કરી રહ્યા હતા, તેમને સફળતા હજુ ઉચ્ચ શિખરે લઈ ગઈ ના હતી, છતા આ વર્ષે તેમની ચાર ફિલ્મો આવી.

કાંચ કી ગુડીયા – એચ.એસ.રવેલના નિર્દેશનમાં, અને નિર્માણમાં, સુહરીદ કેરના સંગીત માં, મનોજ કુમાર, શોભા ખોટે, સાઈદા ખાન, તરૂણ બોઝ, ઈફતેખાર, લીલા ચિટનીસ, મુમતાઝ બેગમ, કૃષ્ણ ધવન, થી અભિનીત આ એક સામાજિક ફિલ્મ રહી. મુકેશજીના ગાયેલા ગીત. સાથ હો તુમ એર રાત જવા... એ આ ફિલ્મનું યાદગાર ગીત છે.

પિયા મિલન કી આસ – એસ.એન.ત્રિપાઠીના નિર્દેશન અને સંગીત સાથે મનોજકુમાર, અમિતા જીવનથી અભિનીત આ ફિલ્મ સફળ રહી ના હતી. અને શકિલા સાથેની મનોજકુમારની ફિલ્મ રેશમી રૂમાલ પણ સફળ રહી ના હતી.


સુહાગ સિંદુર – આર.કૃષ્ણનના નિર્દેશનમાં બલરાજ સાહની, મનોજ કુમાર, માલા સિંહાથી અભિનીત આ ફિલ્મ એક સામાજિક ફિલ્મ રહી હતી, એક બહેન અને ભાઈના પ્રેમની સાથે લશ્કરના જવાન અને પ્રેમની કથા લઈ આ ફિલ્મ આવેલી પણ વધુ સફળ રહી ના હતી.બલરાજ સાહનીની વાત કરીયે તો તેમની એક સુપર હિટ ફિલ્મ સાથે કુલ પાંચ ફિલ્મો આવી, જેમાં એક સફળ પણ રહી.

બટવારા – કૃનેશ ઠાકુરના નિર્દેશનમાં, પ્રદીપકુમાર, બલરાજ સાહની, રેહમાન, નિરૂપા રોય, શશિકલા, જબિન, જવાહર કેલ, લીલા ચિટનીસ,થી અભિનીત આ એક પારિવારિક ફિલ્મ રહી પણ સફળ રહીના હતી, તો બલરાજ સાહની, ગીતા બાલી, કામિની કેસલ, ચંદ્ર શેખર, લીલા મિશ્રા, કે એન સિંગથી અભિનીત સપને સુહાને પણ સફળ રહી ના હતી. ગીતા બાલી જે એક સફળ અદાકારા હતી તેને હવે સફળતા મળી રહી ના હતી, અને શમ્મી કપૂર સાથે તેમણે ૧૯૫૫માં લગ્ન કર્યા બાદ તેઓ હિન્દી સિનેમામા સક્રિય રહ્યા ના હતા, આ ફિલ્મો તેમના લગ્ન પેહલાની કરાર બદ્ધ કરેલ ફિલ્મો હતી.

ભાભી કી ચૂડીયા – સદાશિવ કવિના નિર્દેશનમાં, અને મહિપત રાયના નિર્માણમાં, સુધીર ફડકેના સંગીતમાં આ ફિલ્મ લતાજીના સ્વરમાં ગાયેલા ગીત જયોતિ કળશ છલ્કે.. થી યાદ કરાય છે. બલરાજ સાહની, મીના કુમારી, શૈલેષ કુમાર, સીમા દેવ જેમની આ પ્રથમ ફિલ્મ છે, જે આગળ જતાં ઘણી હિન્દી સિનેમામાં અભિનય આપતા દેખાસે. દુર્ગા ખોટે, અને ઓમ પ્રકાશથી અભિનીત આ ફિલ્મ એક પારિવારિક ફિલ્મ હતી. મીના અને બલરાજ બન્ને પતિ પત્ની છે, પણ મીના બાળકને જન્મ દેવા માટે સમર્થ નથી, બન્ને બલરાજના ભાઈ શૈલેષને પોતાનું બાળક સમજી યુવાન બનાવે છે, શૈલેષ માટે ભાભીએ માતા કરતાં પણ વિશેષ છે, યુવાન થતાં શૈલેષના લગ્ન સીમા સાથે થાય છે, સીમાની માતા દુર્ગા તેમના પ્રેમ ભર્યા પરિવારમાં દાખલ કરી પોતાની દીકરીને દુખ આપે છે, પણ મીના અને બલરાજના ત્યાગથી પરિવાર એક થાય છે, મીના કુમારી અને બલરાજના અભિનયની આ ફિલ્મમાં ભારો ભાર પ્રસંશા થઈ હતી. બલરાજ સાહનીની સુપર હિટ ફિલ્મ સાથે વી શાંતા રામની સફળ ફિલ્મ સાથે આગામી અંકમાં મળીશું.

# કામમાં ન આવે તેવી કમાણી : મેદસ્વિતા-જાડાપણૂં (OBESITY)-ભાગ

## કબજીયાત – ભાગ – ૧




**ડો. ભાવેશ કે. મહેતા**
**અમરેલી**

થોડા દિવસ પહેલા બાબુભાઈ (દર્દીનુ નામ બદલાવેલ છે) કરીને દર્દી સારવાર માટે આવ્યા, બાબુભાઈનો ચહેરો મને ડીપ્રેશ અને નિસ્તેજ લાગ્યો, તેના ચહેરા પરથી તાણ અને ગુસ્સા વાળો સ્વભાવ હશે તેવું મને લાગ્યુ, બાબુભાઈએ મને જે વાત કરી તે આ પ્રમાણે હતી, છેલ્લા કેટલાય સમયથી મને ઝાડો બરાબર સાફ આવતો જ નથી, જાત – જાતના ચુર્ણ – દવા – બોટલો પીધી પણ કોઈ દવાની અસર થાતી જ નથી, સાહેબ એટલો કંટાળી ગયો છુ કે કોઈ કામમાં મન જ લાગતુ નથી, કયારેક એમ થાય છે કે આના કરતા તોનો જીવવુ સારૂ !

મે બાબુભાઈની થોડી ડીટેઈલમાં હિસ્ટ્રી લીધી, બાબુભાઈ શેરબજાર અને ફાઈનાન્સનું કામ કરતા હતા, તેમની એ.સી.ઓફીસમાં બેસીને આખો દિવસ કામ કરવાનું હતુ, આખો દિવસ કામકાજ અર્થે લોકોનો પ્રવાહ તેમને ત્યા ચાલુ જ હોય એટલે ચા સતત ચાલુ જ હોય આમ થોડી – થોડી કરી ને આઠ – દશ વાર ચા પીવાય જાય, માવો ખાવાની ટેવ હતી, એટલે જે નવા ગ્રાહક આવે તે માવો લેતા આવે એટલે આખા દિવસ માં આઠ – દશ વાર માવા પણ ખવાય જાય, મોડી રાત સુધી ફાઈનાન્સનું કામ ચાલુ હોય, એટલે રાતનુ જમવાનુ લગભગ દશ પછી જથાય, પૈસાની ઉઘરાણીનુ કામ રાતે ઘરે ગયા પછી પણ મોડે સુધી મોબાઈલમાં ચાલુ જ હોય એટલે ઉંઘ પણ બહુ મોડી આવે, સવારે માંડ – માંડ ઉઠાયને ઉઠીને સીધી એક કપ ચા જોઈએ જ.


આવી દિનચર્યામાં કબજીયાત રહેવા લાગી, એટલે મારી રીતે કોઈ મિત્ર કહે એવી ફાકી (ચુર્ણ) – ગોળી



હાથે – હાથે લેવા લાગ્યો, પણ ધીરે – ધીરે દવાનો ડોઝ વધવા લાગ્યો પણ કબજીયાતમાં કોઈ ફેરનો પડયો, છેલ્લા ત્રણેક વર્ષથી મારા એક મિત્રએ મને એનીમાં લેવાનુ કહ્યુ એટલે રોજ મારી રીતે પાણી ચડાવુ છુ પણ હવે તો એનીય અસર થતી નથી, સવારે કોઈ રીતે ઝાડો સાફ આવતો નથી, એને લીધે આખો દિવસ સુસ્તી જેવું, માથુ ભારે ભારે,ને એસીડીટી જેવું લાગ્યા કરે કોઈ કામમાં મુડ ચડતો નથી, બહુ કંટાળી ગયો છુ.

મિત્રો આપણે સમયના આયોજનના અભાવે આપણે આપણી દિનચર્યા અસ્તવ્યસ્ત કરી નાખી છે, પરીણામે લાઈફ સ્ટાઈલ ડીસીઝ આપણામાં બહુ જલ્દી પ્રવેશી જાય છે, અને કબજીયાતએ સંપુર્ણપણે અવ્યવસ્થીત દિનચર્યાનું જ પરીણામ છે.


દરરોજ નિયમિત મળ શુદ્ધિ ન થવી તેને આપણે કબજીયાત કહીએ છીએ. પરંતુ આરોગ્યની દ્રષ્ટિએ ખોરાકનાં યોગ્ય પાચન અને શોષણ બાદ શરીર માટે અનાવશ્યક એવા મળનો સંપૂર્ણપણે નિકાલ કોઈપણ શારીરિક આયાસ – જોર લગાવ્યા વગર થાય તેને સ્વાભાવિક મળપ્રવૃત્તિ કહેવાય. દરરોજ મળ પ્રવૃત્ત થતો હોય પરંતુ તે દરમ્યાન પેટનાં સ્નાયુઓ પર દબાણ કરવું પડતું હોય, મળ પ્રવૃત્તિની શરૂઆત કે અંત સમયે મળાશયને પૂરી રીતે ખાલી થાય તે માટે જોર કરવું પડતું હોય તો તે પણ કબજીયાત કહેવાય. મળનું બંધારણ ખૂબ કઠણ હોય



કે ગાંઠો થઈ જતી હોય તો મ પ્રવૃત્ત થવામાં વાર લાગે, મળ દ્વારના સ્નાયુ –રક્ત વાહિની પર દબાણ – ઘર્ષણ થવાથી પાઈલ્સ, ફિશર કે મળ દ્વારમાં સોજો – બળતરા જેવી તકલીફ થતી હોય છે. આથી જ કબજીયાતનાં નિદાન માટે માત્ર દરરોજ મળ પ્રવૃત્તિ થાય છે કે કેમ ? તેટલું માત્ર જોવાતું નથી. શરીરમાંથી બહાર ધકેલવા લાયક મળ યોગ્ય સમયે, સંપૂર્ણપણે અને કુદરતી આવેગ સાથે સરળતાથી પ્રવૃત્ત થાય છે કે કેમ તે દરેક બાબત મહત્વપૂર્ણ છે.

શરીરને પડતી શક્તિની જરૂરિયાત પૂરી પાડવા જે રીતે ભૂખ – તરસનાં સ્વાભાવિક સંવેદનો અનુભવાય છે. તેવી જ રીતે ખોરાકનાં પાચન – પોષણ બાદ બીનજરૂરી મળરૂપ પદાર્થનાં નિકાલ માટે મળ પ્રવૃત્તિનાં સંવેગ પણ કુદરતી રીતે અનુભવાય તથા મળનાં આવેગને રોકવામાં ન આવે તે આરોગ્ય માટે જરૂરી છે.


આયુર્વેદ રોગ થવાનાં વિવિધ કારણો પૈકી કુદરત દ્વારા મોકલાતા સંકેત રૂપી ભૂખ, તરસ, છીંક, બગાસુ, મળ – મૂત્રપ્રવૃત્તિ વગેરેનાં વેગને પરાણે રોકવાને પણ ગણાવે છે. વેગને રોકવાથી શરીરનાં વિવિધ અવયવોનાં તાલમેલથી થતી બહુવિધ, બહુ આયામી જૈવરાસાયણિક પ્રક્રિયામાં અવરોધ ઉભો થાય છે. જેની આડઅસર રોગોનું કારણ બને છે.આથી જ સમયાભાવ, અન્ય શારીરિક – માનસિક કાર્ય પ્રવૃત્તિમાં વ્યસ્તતાને પરિણામે મળ પ્રવૃત્તિનાં વેગને પણ રોકવામાં આવે તો, તેની આડ અસર પાચનતંત્રની વિવિધ ક્રિયા પર થાય છે. ખાસ કરીને બાળકોને




સવારે વ્હેલા સ્કૂલ – કોલેજ મોકલવા, ઘરકામ પતાવી સ્ત્રીઓને ઓફિસ કે વ્યવસાય માટે જવાની ભાગદોડ, ઉચાટ, સમયાભાવ જેવા કારણસર શરીર દ્વારા મળપ્રવૃત્તિ માટે આવશ્યક સંવેદનો અવગણાય છે, તેની પણ આડ અસર મળ પ્રવૃત્તિની નિયમિતતા પર થતી જોવા મળે છે.

સારવાર લેવા આવતા ભાગ્યેજ એવાં કોઈ દર્દી હશે જે કબજીયાતની ફરીયાદ નહી કરતા હોય, કબજીયાત એટલે શુ ? ઝાડો સાફ આવવો કોને કહેવો ? આ વિશે થોડી ચર્ચા કરીએ. આપણે જે ખોરાક ખાઈએ છીએ તેમાંથી તમામ કસ (શરીરને ઉપયોગી પદાર્થ) પાચન અવયવો ચુસી લે છે અને તદન નિ : સાર પદાર્થ ઝાડા વાટે બહાર કાઢે છે. ઝાડામાં દુર્ગંધ ન હોવી જોઈએ. ઝાડો ખરાબ વાસ મારતો હોય તો સમજવું કે આંતરડામાં એટલો બગાડ છે. સવાર સાંજ બે વખત જેને ઝાડો થતો હોય તેની પાચન ક્રિયા સારી હોય છે, તેમના ઝાડામાં વાસ નથી હોતી. ઝાડો ખુલાસીને થતો ન હોય અને મળ મોટા આંતરડામાં ભરાઈ રહેતો હોય તોજ તે વાસી મળ બદબો મારે છે. વાસી મળ, દુર્ગંધી મળ, મોટા આંતરડામાં વધુ વાર રહે છે તો તેમાંથી ઉત્પન્ન થતા ઝેરી પદાર્થો લોહીમાં ભળે છે અને લોહી બગાડે છે. મોટા ભાગનાં રોગોનું કારણ મોટા આંતરડામાં જે મળસંચય થાય છે તે જવાબદાર છે. મળ સંચય થાય એટલે સ્વાભાવીક ભુખ નથી લાગતી, પેટ ભારે લાગ્યા કરે છે, બગાસા આવે છે, સ્ફુર્તિ નથી લાગતી, ચેન પડતું નથી, કબજીયાત કેટલેક અંશે માનસિક વ્યગ્રતા ઉપર નિર્ભર છે. આહા – વિહાર અને માનસિક પરિસ્થિતિ આ ત્રણ ઉપર કબજીયાતનો આધાર છે. જેનો આહાર સ્વાસ્થ્યકર હશે, જેનો વિહાર પણ આરોગ્યના નિયમોને વશવર્તી હશે અને જેને માનસિક વ્યગ્રતા નહી હોય તેને બે વખત ઝાડો બરાબર સાફ આવતો હોવો જ જોઈએ.

**ઝાડો સાફ કોને કહેવો ?** – આ પ્રશ્ન ઘણાના મનમાં ઉઠે છે. તંદુરસ્ત મનુષ્યનો ઝાડો ગાય, બળદ, ભેંસ જેવો ઝાડો



કરે છે તેવો એટલે કે, ગુદા ખરડાયા વિનાનો હોવો જોઈએ. તેમા દુર્ગંધ ન હોવી જોઈએ, બહુ કાળા રંગનો ઝાડો વાસી ઝાડાનું સુચન છે, બહુ પીળા રંગનો ઝાડો અયોગ્ય પાચનક્રીયાનું સુચન છે. ઝાડો બહુ બંધાયેલો નહી કે બહુઢીલો પણ નહી એવો હોવો જોઈએ.એનો રંગ સાધારણ રીતે સહેજ પીળાશ લેતો ભુખરો હોવો જોઈએ. બહુ ચીકાશ હોય તો આંતરડાની ખામી સમજવી.

આજકાલ આપણે મળ ત્યાગ માટે વેસ્ટર્ન ટોઈલેટનો ઉપયોગ કરવા લાગ્યા છીએ, મોટી ઉમરના લોકો કે જેને પગના સાંધાની તકલીફ છે, તેના માટે વેસ્ટર્ન ટોઈલેટ ઉપયોગી છે, પણ સામાન્ય વ્યકતી માટે આપણું ઈન્ડીયન ટોઈલેટ યોગ્ય છે કારણ મળ ત્યાગ માટે જો ઉભડક (ઉત્કટાસન – Puborectalis Muscle) બેસવામાં આવે તો મળ માર્ગની કોથળી એટલે કે **Rectum** ની ફરતી બાજુ રહેલા સ્નાયુઓ (**PUBORECTALIS MUSCLE**) એકદમ ઢીલા(**RELAX**) થાય છે જેથી મળાશયમાંથી એકદમ સહેલાયથી મળ બહાર આવી શકે છે.

**જો વેસ્ટર્ન ટોઈલેટનો ઉપયોગ કરવો હોય તો નિચે દર્શાવ્યા મુજબ કરવો.**

**આવતા સપ્તાહે કબજીયાત દુર કરવાના વ્યવહારૂ અને નિર્દોષ ઉપાયોની ચર્ચા કરીશું.**

## ભાજપનાં રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાએ નિવેદન આપ્યું

# ભાજપ મજબૂત છે એટલે RSS ની જરૂર નથી

### બાજપાઈનાં યુગમાં પક્ષ ચલાવવા સંઘની મદદની જરૂર હતી હવે અમે મોટા થઈ ગયા છીએ

### મથુરા અને વારાણસીમાં મંદિરો બનાવવાની હાલ કોઈ યોજના નથી

### ભાજપનું સંગઠન દિનપ્રતિદિન મજબૂત બની રહ્યું હોય અને નેતાઓ પણ સક્ષમ છે

### ઈન્ડિયન એક્સપ્રેસને આપેલ મુલાકાતમાં ભાજપા પ્રમુખનું ચોંકાવનારૂ નિવેદન

નવી દિલ્હી, તા. ૧૮

દેશમાં લોકસભાની ચૂંટણી સમયે જ સત્તાધારી પક્ષ ભાજપ અને ભાજપની માતૃ સંસ્થા રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ વચ્ચે વિખવાદ જાહેર સપાટી ઉપર આવ્યો છે. ભાજપનાં રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાએ ભાજપ પોતાના બળે મજબૂત બન્યાનો અને સંઘની કાંખઘોડીની જરૂર નહીં હોવાનો ચોંકાવનારો દાવો કરી દેશભરમાં નવી ચર્ચાને જન્મ આપ્યો છે.



ભાજપનાં રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાએ એક ઈન્ટરવ્યું દરમિયાન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ને પાર્ટીનો વૈચારિક મોરચો ગણાવ્યો હતો. અટલ બિહારી વાજપેયી યુગની સરખામણીમાં ભાજપમાં આરએસઅસની હાજરી કેવી રીતે બદલાઈ છે ? આ પ્રશ્નના જવાબમાં જે.પી. નડ્ડાએ કહ્યું કે પાર્ટીનું માળખું મજબૂત બન્યું છે. હવે ભાજપ પોતાની તાકાત પર ચાલે છે.

ભાજપા પ્રમુખે ઈન્ડિયન એકસપ્રેસને આપેલા ઈન્ટરવ્યું દરમિયાન કહ્યું કે વાજપેયીના સમયમાં પાર્ટીને પોતાને ચલાવવા માટે આરએસએસની જરૂર હતી કારણ કે તે સમયે ભાજપ ઓછી સક્ષમ અને નાની પાર્ટી હતી. તેમણે કહ્યું શરૂઆતમાં આપણે બિનકાર્યક્ષમ રહીશું, થોડા ઓછા, આરએસએસની જરૂર હતી. આજે આપણે મોટા થયા છીએ પહેલા કરતા વધુ સક્ષમ છે. ભાજપ હવે પોતે ચલાવે છે આ જ તફાવત છે.

ભાજપને આરએસએસનાં સમર્થનની જરૂર છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા જે.પી. નડ્ડાએ કહ્યું કે પક્ષ મોટો થયો છે અને તેના નેતાઓ તેમની ફરજો અને ભૂમિકાઓ નિભાવે છે. તેમણે કહ્યું કે આરએસએસ એક સાંસ્કૃતિક અને સામાજિક સંગઠન છે જયારે ભાજપ એક રાજકીય પક્ષ છે. જે.પી. નડ્ડાએ કહ્યું કે આરએસએસ વૈચારિક રીતે કામ કરી રહ્યું છે. અમે અમારી બાબતોને અમારી રીતે હેન્ડલ કરીએ છીએ અને તે જ રાજકીય પક્ષોએ કરવું જોઈએ.

જે.પી. નડ્ડાએ વધુમાં કહ્યું હતું કે, મથુરા અને વારાણસીના વિવાદિત સ્થળો પર મંદિરો બનાવવાની ભાજપની તાત્કાલિક કોઈ યોજના નથી. તેમણે કહ્યું ભાજપ પાસે પાર્ટીનો એવો કોઈ વિચાર, યોજના કે ઈચ્છા નથી તેમાં પણ કોઈ ચર્ચા થઈ નથી.

આરએસએસની સ્થાપના ૨૭ સપ્ટેમ્બર, ૧૯૨૫નાં રોજ થઈ હતી. તેઓ ભાજપના વૈચારિક ગુરૂ રહ્યા છે. આનાથી પક્ષને ઉભરતા સંગઠનમાંથી રાજકીય દિગ્ગજ બનવામાં મદદ મળી હોવાનું માનવામાં આવે છે. ભાજપનાં ઘણા વરિષ્ઠ નેતાઓ આરએસએસના કાર્યકર્તા અને સભ્યો રહી ચૂકયા છે. મોહન ભાગવત સંગઠનનું નેતૃત્વ કરે છે.

---

### ભાજપ અગ્રણીએ રજુઆત કરી

## લીલીયા : પીપળવા, સનાળીયા, પુંજાપાદર રેલ્વે ફાટકને ઓવર બ્રિજમાં રૂપાંતરિત કરો

### માલગાડીની સતત અવરજવરથી પરેશાની

લીલીયા તા. ૧૮

ગુડઝ ટ્રેઈન સતત ચાલુ જ હોય છે ત્યારે સતત ફાટક બંધ રહેવાને કારણે લોકો પરેશાન થઈ જાય છે. તેનાં પીપળવા રોડના ફાટક પર અવર જવર ૧૦૮ ઈમરજન્સી સેવા કલાકો સુધી ઉભી રહે છે. અને સીવીલના દર્દી પર મોતનું જોખમ સર્જાય છે. ત્યારે આ ત્રણેય ફાટકને તાત્કાલિક ઓવર બ્રિજ મંજૂર કરવામાં આવે તેવી એક માંગણી દઉભી કરી છે તેવુ આ વિસ્તારના ખેડૂત આગેવાન અને ભાજપ અગ્રણી ભાસ્કરભાઈ પટેલની યાદીમ જણાવવામાં આવે છે.


### અવસાન નોંધ

**અમરેલી :** ઔ.ગુ. સાડાચારસો બ્રાહ્મણ ગં.સ્વ.મજુલાબેન નલિનભાઈ જોષી (પૂર્વ પાલીકા પ્રમુખ) તે ડો. કિરીટભાઈ જોષી તથા નરેશભાઈના ભાભી તેમજ સંગીતાબેનના માતૃશ્રીનુ તા. ૧૮/૦૫/૨૦૨૪, શનિવારના રોજ અવસાન થયેલ છે. તેઓનું બેસણું તા. ૨૦/૦૫/૨૦૨૪, સોમવારના રોજ બપોરના ૫ થી ૭તેમના નિવાસ્થાન માણેકપરા, સત્યનારાયણ મંદિર પાસે, અમરેલી ખાતે રાખવામાં આવેલ છે

**અમરેલી :** અમરેલી નિવાસી રેશ્માબેન રમેશભાઈ વ્યાસ (ઉ.વ.૫૦) તે રમેશભાઈ દુર્લભજીભાઈ વ્યાસના પત્ની, દીપના મમ્મી, ગં.સ્વ. સવિતાબેનના પુત્ર વધુ, મુકેશભાઈના નાના ભાઈના પત્ની, અશ્વિનભાઈના ભાભી, ભાવેશભાઈ મનહરલાલ પાઠકના બહેનનુ તારીખ ૧૬ના અવસાન થયુ છે. સ્થાનિક બેસણુ તા. ૨૦ને સોમવારે સાંજે ૪ થી ૬ તથા લૌકિક વ્યવહાર અને ઉતરક્રિયા તારીખ ૨૬ને રવિવારે સહજ હોલ, ચક્કરગઢ રોડ, અમરેલી ખાતે રાખેલ છે. પીયર પક્ષનુ બેસણુ સાથે રાખેલ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### દામનગરમાંથી અગાઉ શરૂ એસ.ટી. બસ પુનઃ શરૂ કરાવવા ધારાસભ્યને રજુઆત



લાઠી, તા. ૧૮

લાઠી–દામનગરનાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયા ને દામનગર શહેરના એક નાગરિકે પત્ર પાઠવી રજુઆત કરી છે કે દામનગર અને આજુબાજુના ૨૦ થી વધુ ગામોના લોકો માટે દામનગરમાં અગાઉ લાંબા રૂટની બસ ચાલતી હતી જે ધારી–ભાવનગર, અમરેલી–ભાવનગર, બાબરા–કુતાણા, અમરેલી–પાલીતાણા, અમરેલી – બાપુનગર, આ તમામ રૂટ વાયા દામનગર થઈને ચાલતી બસને કોઈપણ જાતના કારણ વગર, પૂરતા પ્રમાણમાં ટ્રાફિક થતો હતો છતાં, બંધ કરી દેવાઈ છે, આ તમામ રૂટની બસને શરૂ કરાવવા રજુઆત કરાઈ છે. બીજું કે દામનગરમાં અધતન એસ ટી.ડેપો બનાવવામાં આવેલ છે, એટલે લાંબા અંતરની બસ ફાળવવામાં આવે તો એસ.ટી.તંત્ર સરકારને વધુ આવક થાય તેમ છે. આ પ્રશ્ન બાબત માટે ધારાસભ્યની કક્ષાએથી સબંધિત તંત્રને રજુઆત કરી, યોગ્ય કાર્યવાહી કરવામાં આવે એવી જનતા વતી રજુઆત કરાઈ છે. યોગ્ય થાય એવી આશા સાથે આભારની લાગણી વ્યક્ત કરી છે.

### જાગૃત નાગરિકે રેલ્વે મંત્રીને પત્ર પાઠવ્યો

## રાજુલા : રેલ્વે જંકશનમાં ફુટ ઓવર બ્રિજની સુવિધા આપવા માંગ

### રેલ્વે પોલીસ સ્ટેશન પણ શરૂ કરવા બાબત

રાજુલા તા. ૧૮

રાજુલાનાં જાગૃત નાગરિક ધર્મેન્દ્રભાઈ પરમારે રેલ્વે મંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવે છે, કે રાજુલા સીટી એ ગુજરાતના છેવાડાના દૂર દૂરના દરિયાકાંઠે આવેલ છે જે સ્ટેશનને સુધારાત્મક કામો શરૂ કરવાથી જનતાની તકલીફોમાં રાહત થયે છે, રાજુલા જંકશનમાં પ્રવેશવાના માર્ગથી ૨૦૦ મીટર દૂર જ બરફટાણા ગામ જવાના રોડ પર ફાટક આવેલું છે જે ફાટક ક્રોર્સ કર્યા બાદ જે જંકશન રેલ્વે સ્ટેશનમાં જઈ શકાય એવું છે ઘણીવાર પેસેન્જર ટ્રેન આવવાના સમય પહેલા જ પીપાવાવ પોર્ટ તરફથી જતી આવતી કન્ટેનર લોડેડ ટ્રેન આવતી જતી હોય છે જેના કારણે પેસેન્જર ટ્રેન આવવાના સમય પહેલા જ ફાટક બંધ હોય છે જેનાથી યાત્રીઓને સ્ટેશનમાં વાહનો દાખલ થવામાં વાર લાગે છે અને દોડીને ટ્રેનમાં ચડવું પડે છે વૃદ્ધો અને અશકત માણસને કારણે ઘણી તકલીફ પડે છે

આ સંજોગોમાં રાજુલા જંકશન સ્ટેશનમાં સામેની બાજુ વાવેરા ગામનો રોડ છે એ બાજુથી મોર્ડન ટેકનોલોજીવાળો એસકેલેટર્સ વાળા ફુટોવર બીજ બનાવવા માટે જરૂરી ફંડ મંજૂર કરી પ્રભાવી રીતે કામગીરી કરાવવી જરૂરી છે.

વધુમાં જણાવે છે કે અત્યારે હાલના સંજોગોમાં આ રાજુલા જંકશન થી પૂરતો ટ્રાફીક મળી રહેલ છે અને રેલ્વેને આવક પણ પૂરતા પ્રમાણમાં થવા માંડી છે. અહીં ઉદ્યોગો આઉટ સ્ટેટના લોકો મોટી સંખ્યામાં રહે છે અને નવા ઉદ્યોગો પણ શરૂ થઈ રહેલ છે તેમાં યુપી બિહાર અને મહારાષ્ટ્ર વગેરેના લોકો નોકરી કરે છે જેથી પૂરતા પ્રમાણમાં પેસેન્જર છે અને વધી રહેલ છે એથી ભારતના અન્ય રાજયોની નિમિતે કનેકિટવિટી મળી રહે અએ જરૂરી છે આ સંજોગોમાં અન્ય શહેરોમાં થી પણ થયેલ માંગણી મુજબ મહુવા બાંદ્રા ટ્રેન (22990 MVH BDTS- 22989 BDTS MHV) જે ટ્રેન અઠવાડિયામાં બે દિવસ ચાલે છે તેને ડેઈલી કરવાની વ્યાજબી માંગણી છે, મહુવા જામનગર સાવરકુંડલાની ચેમ્બર કોર્મસ એ પણ આ માંગણી કરેલી જ છે. વધુમાંથી રાજુલા જંકશનમાં ટ્રાફિક વધી રહેલ છે, આ સંજોગોમાં અહીંનું પોલીસ સ્ટેશન ૧૪૦ કિલોમીટર દૂર ભાવનગર છે આ સંજોગોમાં રાજુલા જંકશન સ્ટેશનને રેલ્વે પોલીસ સ્ટેશન ફાળવવાની જરૂર છે અને પોલીસ કવાર્ટ વિગેરેનું આયોજન જરૂરી છે.

રાજુલા સીટી થી રાજુલા જંકશન પાંચ કિલોમીટર થાય છે તો ત્યાં સુધીમાં આજે મહુવા બાંદ્રા ટ્રેન અને મહુવા સુરત ટ્રેન બંને ટ્રેનમાં કનેકશન માટે રાજુલા જંકશન સુધી પાંચ ડબ્બાવાળી ટ્રેન મૂકી અને પેસેન્જરની સુવિધામાં સારું થઈ શકે તેમ છે તેખ બાબતે વિચાર કરવા વિંનતી છે અને તેમાં પણ જે ટ્રેન મહુવાથી રાજુલા રાજુલા જંકશન થઈ અને આગળ સાવરકુંડલા વગેરે સ્ટેશન ઉપર જે જાય છે તેને બદલે જો મહુવાથી રસ્તામાં ડુંગર સ્ટેશન આવે છે ત્યાંથી રાજુલા ફકત આઠ કિલો મીટર દૂર છે જો ત્યાંથી એટલે કે ડુંગરથી રાજુલાનો ટ્રેક નવો નાખી અને રાજુલા જંકશન ટ્રેન ચાલે તો ખૂબ જ અનુકૂળતા રહે છે કારણ કે રાજુલા જંકશનમાં ૮૦ ટકા પેસેન્જર રાજુલા સીટીના જ હોય છે સર્વે કરી ઘટતું કરવ અંતમાં માંગ કરેલ છે.

### ભાકોદર ગામનાં માર્ગ ઉપર

પાના ૮ ઉપરનું ચાલું

નામનાં ૩૦ વર્ષિય વીજ કર્મી ચાલુ નોકરી ઉપર હોય અને કોવાયા ગામે સાડા દસેક વાગ્યાના અરસામાં ટીડાભાઈ કાનાભાઈ વાઘનું ઈલેટ્રીક લાઈટ બીલ રૂા. ૧૪૦૦ નું બનાવેલ હોય. જે વાતનું મન દુઃખ રાખી આરોપી દિપકભાઈ બાબુભાઈ વાઘએ બપોરના ત્રણેક વાગ્યે ભાંકોદર ગામે જતા રોડ પાસે કર્મી સાથે આરોપીએ ઝપાઝપી કરી કાન ઉપર એક ઝાપટ મારી જેમફાવેતેમ ગાળો આપી, ફરજમાં રૂકાવટ કરી, ટાંટીયા ભાગી નાખવાની ધમકી આપી ગ્રામ પંચાયત ઓફીસમાંથી પાઈપ કાઢી મારવા ઉગામી, હથિયારબંધી જાહેરનામાનો ભંગ કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

સંકુલ – હોશીયાર મિડીયમ નબળા – તમામને પ્રવેશ
પોતાની પસંદગી નું વિષય જુથ પસંદ કરવાની છુટ
★ KG થી PG સુધીનું નિવાસી ગર્લ્સ કેમ્પસ – Since 1997
★ બહુજ વ્યાજબી સ્કૂલ – કોલેજ ફી – બહુજ વ્યાજબી હોસ્ટેલ લવાજમ
★ બહોળી સંખ્યા માં A1 ગ્રેડ મેળવનાર – બહોળી સંખ્યા માં A2 ગ્રેડ મેળવનાર
★ યુનિવર્સિટી ટોપટેનમાં સંકુલ ગર્લ્સ – યુનિવર્સિટી ટોપટેન માં સંકુલ કોલેજ
★ લોઅર ને મિડીયમ – મિડીયમ ને અપર – અપર ને ટોપર લેવલે પહોંચાડવાની પ્રથા
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત (અમરેલી)
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ (લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ -Ad 030

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૦૧ | ૧૨૧૦ |
| ૨ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૮૨૪ |
| ૩ | તલ કાળા | ૨૪૨૫ | ૨૫૦૦ |
| ૪ | કપાસ | ૧૨૫૧ | ૧૪૫૮ |
| ૫ | બાજરો | ૪૨૫ | ૫૨૩ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૧૦ |
| ૭ | જુવાર | ૫૭૫ | ૮૬૦ |
| ૮ | મકાઈ | ૫૩૨ | ૫૩૨ |
| ૯ | મગ | ૧૭૮૦ | ૧૮૬૬ |
| ૧૦ | મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૬૬ | ૧૨૪૦ |
| ૨ | શિંગ મોટી | ૯૭૫ | ૧૨૫૫ |
| ૩ | શીંગદાણા ફાડા | ૧૩૮૦ | ૧૭૦૦ |
| ૪ | તલ સફેદ | ૧૭૦૦ | ૩૧૫૯ |
| ૫ | તલ કાળા | ૨૩૪૫ | ૩૩૫૨ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૮૩૫ | ૩૦૮૫ |
| ૭ | બાજરો | ૪૧૮ | ૪૯૧ |
| ૮ | જુવાર | ૭૫૦ | ૮૭૮ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૫૬ | ૬૧૨ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૫૦ | ૬૦૭ |
| ૧૧ | મકાઈ | ૫૫૮ | ૫૫૮ |
| ૧૨ | ચણા | ૮૫૦ | ૧૨૭૧ |
| ૧૩ | તુવેર | ૧૩૩૦ | ૧૬૨૦ |
| ૧૪ | કપાસ | ૯૨૫ | ૧૫૦૪ |
| ૧૫ | એરંડા | ૧૦૨૫ | ૧૦૬૮ |
| ૧૬ | જીરૂ | ૨૨૦૦ | ૫૭૬૧ |
| ૧૭ | રાયડો | ૯૨૨ | ૧૦૦૦ |
| ૧૮ | રાય | ૯૭૫ | ૧૦૭૦ |
| ૧૯ | ધાણા | ૧૧૨૫ | ૧૫૭૫ |
| ૨૦ | ધાણી | ૧૧૧૫ | ૧૭૦૦ |
| ૨૧ | મેથી | ૯૪૦ | ૧૧૧૫ |
| ૨૨ | સોયાબીન | ૮૩૦ | ૮૫૬ |
| ૨૩ | મરચા લાંબા | ૧૦૦૦ | ૩૦૦૦ |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૦૪ | ૧૪૫૬ |
| ૨ | મગફળી | ૧૧૨૫ | ૧૧૪૫ |
| ૩ | ચણા | ૧૧૩૪ | ૧૨૪૬ |
| ૪ | જીરૂ | ૩૭૪૦ | ૫૭૦૦ |
| ૫ | ઘઉં | ૪૮૬ | ૫૪૪ |
| ૬ | તલ સફેદ | ૨૩૬૫ | ૨૮૨૫ |
| ૭ | એરંડા | ૯૭૫ | ૯૯૫ |
| ૮ | મગ | ૧૪૯૦ | ૧૯૦૦ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મઠડી | ૧૨૦૦ | ૧૩૫૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૨૫૧ |
| ૩ | શીંગ નવી | ૧૧૦૦ | ૧૨૩૧ |
| ૪ | તલ સફેદ | ૨૬૦૦ | ૩૧૧૫ |
| ૫ | તલ કાળા | ૨૯૦૦ | ૩૩૨ |
| ૬ | જીરૂ | ૪૦૦૦ | ૫૮૦૦ |
| ૭ | કપાસ | ૧૩૫૦ | ૧૫૦૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૫૩ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૬૪ |
| ૧૦ | બાજરો | ૩૫૦ | ૪૩૫ |
| ૧૧ | જુવાર | ૪૫૦ | ૮૪૫ |
| ૧૨ | મકાઈ | ૫૦૪ | – |
| ૧૩ | મગ | ૧૬૫૦ | ૧૮૦૯ |
| ૧૪ | અડદ | ૨૩૦૪ | – |
| ૧૫ | ચણા | ૧૨૦૦ | ૧૨૭૧ |
| ૧૬ | દેશી ચણા | ૧૧૫૦ | ૧૨૮૦ |
| ૧૭ | તુવેર | ૧૯૦૦ | ૨૨૪૫ |
| ૧૮ | એરંડી | ૧૦૫૦ | ૧૧૦૭ |
| ૧૯ | મેથી | ૭૫૦ | ૧૦૫૦ |
| ૨૦ | રાય/રાયડો | ૯૯૩ | ૧૫૧૫ |
| ૨૧ | ધાણા | ૧૨૦૦ | ૧૬૦૦ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૪૦ | ૧૩૫૫ |
| ૨ | મગફળી | ૧૧૫૧ | ૧૧૯૫ |
| ૩ | ઘઉં | ૩૮૪ | ૫૧૫ |
| ૪ | ચણા | ૧૨૩૨ | ૧૨૩૨ |
| ૫ | સફેદ ચણા | ૧૫૯૫ | ૧૫૯૫ |
| ૬ | શીંગ ફાડા | ૧૨૩૫ | ૧૪૨૬ |
| ૭ | જુવાર | ૫૮૧ | ૫૮૧ |
| ૮ | એરંડા | ૧૦૭૦ | ૧૦૭૦ |
| ૯ | તલ | ૨૬૫૫ | ૨૬૫૫ |
| ૧૦ | સોયાબીન | ૮૪૫ | ૮૪૫ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ૨ | ચણા | ૧૧૧૧ | ૧૨૦૨ |
| ૩ | ધાણા | ૧૦૭૦ | ૧૧૫૦ |
| ૪ | ઘઉં લોકવન | ૪૭૪ | ૪૭૪ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૦૮ |
| ૬ | એરંડી | ૯૫૧ | ૯૫૧ |
| ૭ | લસણ | ૧૩૦૦ | ૧૪૧૫ |
| ૮ | રાજગરો | ૧૩૧૫ | ૧૩૧૫ |
| ૯ | તલ કાળા | ૨૫૩૫ | ૨૫૩૫ |
| ૧૦ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૬૩૪ |
| ૧૧ | મગફળી | ૯૯૦ | ૧૧૫૦ |
| ૧૨ | ડુંગળી | ૨૫૦ | ૨૫૦ |
| ૧૩ | સીંગફાડા | ૧૪૯૯ | ૧૫૩૫ |
| ૧૪ | ચણા સફેદ | ૧૨૨૫ | ૧૨૨૫ |
| ૧૫ | મગ | ૧૬૦૦ | ૧૭૫૦ |
| ૧૬ | તુવેર | ૧૮૫૦ | ૨૦૨૫ |

### ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૨૫ | ૧૩૭૬ |
| ૨ | છોલે ચણા | ૧૫૫૩ | ૧૫૫૩ |
| ૩ | ચણા | ૧૨૨૫ | ૧૨૨૫ |
| ૪ | તલ સફેદ | ૨૭૫૨ | ૨૮૦૨ |
| ૫ | એરંડા | ૧૦૫૨ | ૧૦૫૨ |
| ૬ | ઘઉં | ૫૩૫ | ૫૩૫ |
| ૭ | તુવેર | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૮ | ધાણા | ૧૦૫૧ | ૧૦૫૧ |
| ૯ | જીરૂ | ૫૪૦ | ૫૪૦૦ |
| ૧૦ | મેથી | ૧૦૩૫ | ૧૦૩૫ |

### મત્સ્યોઉદ્યોગ કચેરીએ પરિપત્ર જાહેર કર્યો

# અમરેલી જિલ્લાનાં સાગરખેડુઓ માટે ૧ લી જુનથી ૩૧ જુલાઈ વેકેશન જાહેર

## શઢવાળી હોડીઓ વેકેશનમાંથી બાકાત



જાફરાબાદ, તા. ૧૮

એક જૂનથી સાગરખેડુનું દરિયાઈ વેકેશન તા.૧/૬ થી ૩૧/૭ સુધી ૬૧ દિવસ દરિયામાં માછીમારી પર પ્રતિબંધ : જાફરાબાદ મત્સ્યોદ્યોગ કચેરી એ પરિપત્ર બહાર પાડી જાણ કરી ગુજરાતના ૧૬૦૦ કિ.મી.ના દરિયાકાંઠે સાગરખેડુઓ સમુદ્રના પેટાળમાંથી રાત દિવસ એક કરીને આંધીનુરાગ બાસુ યુવા બક વરસાદી આફત કે પછી તુફાની આફતો સામે હિંમત ભેર દરિયો ખેડી કિંમતી માછલીઓને મારી પોતાનું જીવન નિર્વાહ કરતા હોય છે. સમગ્ર વર્ષ દરમિયાન સાગરખેડુઓ દસ મહિના દરમિયાન ફિશિંગ મધદરિયે કરે છે. અંદાજીત એક થી બે મહિના સુધી ચોમાસાને ધ્યાને લઈ ફિશિંગ પર પ્રતિબંધ હોય છે. આ સમયગાળો સાગરખેડૂઓ પોતાના પરિવારમાં સામાજિક કાર્યોમાં વેસ્ટ રહી વેકેશનનો સમય હોય છે. ચોમાસુ નજીક હોય દર વર્ષની જેમ આ વર્ષે પણ સાગરખેડૂ ઓ નું દરિયાઈ વેકેશન જાહેર કરાયું છે. મત્સ્યોદ્યોગ કચેરીએ બહાર પાડેલા પરીપત્રમાં ફિશિંગ બન સમયગાળામાં ફેરફાર કરી દેવામાં આવ્યો છે. તેમજ માછીમારો એસોસિયેશન અને આગેવાનોને દરિયાઈ વેકેશન બાબતે જાણ કરવામાં આવી છે. ભારત સરકાર ના મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલય દ્વારા આધારિત પત્ર -૩ થી તેમજ વડી કચેરી ગાંધીનગર આધારિત પત્ર-૪ થી પ્રાદેશિક જળ વિસ્તારની બહાર (ઈન્ડિયનએસક્યુઝિવ ઈકોનોમિક ઝોન)માં પશ્ચિમ દરિયાકાંઠાના આંતરદેશીય તથા પ્રાદેશિક વિસ્તારમાં ૬૧ દિવસના સમયગાળા દરમિયાન માછીમારી પર પ્રતિબંધ જાહેર કરવામાં આવ્યો છે. આગામી તા.૧ જુનથી ૩૧ જુલાઈ એટલે ૬૧ દિવસ સુધી ફિશિંગ પર પ્રતિબંધનો આદેશ કરાયો છે. જેને પ્રયાનમાં લઈ જિલ્લામાં તા. ૧ જૂનથી ૩૧ જુલાઈ સુધી તમામ યાંત્રિક ફોટો હોડીઓ દ્વારા આંતરદેશીય તેમજ પ્રાદેશિક જળ વિસ્તારમાં થતી માછીમારી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જાફરાબાદ લાઈટ હાઉસ રોડ ઉપર આવેલી મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકની કચેરી દ્વારા જણાવવામાં આવ્યું છે. કે, આગામી તા. ૧ જૂનથી માછીમારી પર પ્રતિબંધ મુકેલ હોય ઓનલાઈન સોફટવેર માં ટોકન લઈ ગયેલ તથા આવનાર દિવસોમાં માછીમારી માટે જનાર તમાંમ બોટની કોટનની રિટર્ન એન્ટ્રી તા. ૩૧ મેં સુધીમાં ફરજિયાત કરી લેવાની રહેશે આ પ્રતિબંધ માંથી નોન -મોટરાઈઝડકાફટ (લાકડાની બિનયંત્રિક એક લડડી હોડી અને શઢ વાળી હોડી) તથા પગડિયા માછી મારોને બાકાત રાખવામાં આવ્યાં છે. આ આદેશ નો ભંગ કરનાર ઉપર ગુજરાત મત્સ્યોદ્યોગ કાયદા ૨૦૦૩ ની કલમ ૬/૧(ટ) ના ભંગ બદલ કલમ-૨૧/૧(ચ) મુજબ દંડને પાત્ર ઠરશે આમ જાફરાબાદ મત્સ્યોદ્યોગ નિયામકની કચેરી દ્વારા માછીમારી પ્રતિબંધ સમયદરમિયાન માછીમારી કરવા દરમિયાન પ્રવેશ કરશે તો તેમનાં વિરૂદ્ધ કાયદાકીય કાર્યવાહી થશે તેવો આદેશ કરાયો છે.

### સિંગાપુરમાં લોકોને માસ્ક પહેરવાની અપાઈ સલાહ

# કોરોનાએ ફરી માથું ઉંચક્યું નવી લહેરથી હાહાકાર મચ્યો

## કોરોના મહામારીના દરરોજ આવતા કેસમાં ૧૮૧ના વધારા સાથે ૨૫૦ થઈ ગયા છે : સ્વાસ્થ્ય મંત્રી

સિંગાપુર, તા.૧૮

દુનિયાને હજુ પણ કોરોના વાયરસથી એકદમ છુટકારો મળ્યો નથી. સિંગાપુરમાં એક નવી કોવિડ-૧૯ની લહેર જોવા મળી રહી છે. કહેવાય છે કે અધિકારીઓએ પથી ૧૧ મે સુધી ૨૫,૯૦૦થી વધારે કેસો નોંધ્યા છે. સ્વાસ્થ્ય મંત્રી ઓંગ યે કુંગે શનિવારે ફરીથી માસ્ક પહેરવાની સલાહ આપી છે. સાથે જ કહ્યું છે કે, કોરોના મહામારીના દરરોજ આવતા કેસમાં ૧૮૧ના વધારા સાથે ૨૫૦ થઈ ગયા છે. સ્વાસ્થ્ય મંત્રી ઓંગે કહ્યું કે, જો કોવિડ- ૧૯ કેસની સંખ્ય એક વાર ડબલ થઈ જાય છે, તો સિંગાપુરની સ્વાસ્થ્ય સેવા સિસ્ટમમાં ૫૦૦ દર્દી હશે, જેને સિંગાપુર સંભાળી શકે છે. તેમણે આગળ જણાવ્યું કે, જો કેસની સંખ્યા ડબલ થઈ જશે તો તેમાં ૧૦૦૦ દર્દી હશે અને તે હોસ્પિટલ પર ખૂબ જ બોઝ થશે. ઓંગે કહ્યું કે, એક હજાર બેડવાળી હોસ્પિટલ બરાબર છે. એટલા માટે મને લાગે છે કે, સ્વાસ્થ્ય સેવા સિસ્ટમને આવનારા સમય માટે ખુદને તૈયાર કરવી પડશે. સ્વાસ્થ્ય મંત્રીના હવાલેથી એક રિપોર્ટમાં કહેવાયુ છે કે, અમે એક નવી લહેરની શરુઆત જોઈ રહ્યા છીએ. જ્યાં તે સતત વધી રહી છે. એટલા માટે હું કહેવા માગું છું કે, આગામી બેથી ચાર અઠવાડીયામાં લહેર પોતાના ચરમ પર પહોંચી શકે છે. તેનો મતલબ સ્પષ્ટ છે, કે જૂનના મધ્ય અને અંતની વચ્ચે સિંગાપુરમાં એક નવી લહેર જોવા મળી શકે છે. સ્વાસ્થ્ય મંત્રીએ એ લોકોને આગ્રહ કર્યો, જેમણે ગંભીર બીમારીનો સૌથી મોટો ખતરો છે. જેમ કે ૬૦ વર્ષ અને તેનાથી વધારે ઉંમરના વ્યક્તિ, સાથે જ તેમણે સિંગાપુરવાસીઓને બીમારી થવા પર માસ્ક પહેરવા અને ઘર પર રહેવાની સાથે રસીકરણ કરાવાની સલાહ આપી છે.

### હરિભક્તોની આસ્થા અને ઉત્સાહ વચ્ચે

# વડિયા : સ્વામીનારાયણ દિવ્યધામ ખાતે વિશંતી મહોત્સવ યોજાયો

## શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ સહિતનાં આયોજનો સંપન્ન



વડિયા તા. ૧૮

વડીયા ગામમાં સ્વામિનારાયણ દિવ્યધામ વડીયામાં બિરાજમાન ઘનશ્યામ મહારાજના વિશમાં વાર્ષિક પાટોત્સવના ઉપલક્ષમાં વિંશાતિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સાત દિવસમાં આ મહોત્સવમાં શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞના વકતા શાસ્ત્રી સ્વામી આનંદસ્વરૂપદાસજી એ વ્યાસાસને બીરાજી ભાગવતામૃતનું રસપાન કરાવ્યું હતું આ પ્રસંગે વડતાલ પીઠાધિપતી પ.પૂ.ધ.ધ.૧૦૮ આચાર્ય રાકેશ પ્રસાદજી મહારાજ એ પધારી દર્શન અને આશિર્વચનું સુખ માર્બલ ગેઈટનું ઉદઘાટન કર્યુ હતું સદગુરૂ પંડીત સ્વામી ધર્મવલ્લભદાસજી સંકલ્પથી નિર્માણ પામેલ આ દિવ્યધામમાં નૂતન પ્રસાદીની વાવનું પણ ઉદઘાટન કરવામાં આવ્યું.

મહોત્સવ અંતર્ગત બલ્ડ ડોનેશન કેમ્પ, સર્વરોગ નિદાન કેમ્પ, આ કેમ્પ વગેરે સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવી મગનલાલ નાનજીભાઈ કુભાણી રમેશભાઈ મનાભાઈ હિરપરા છગનભાઈ પરબતભાઈ બાવીશીયા ગઢીયા પરિવાર આઈ અનેક નાનામોટા યજમાનોની સેવાથી આ મહોત્સવ દીપ્ત ઉઠયો હતો.જુનાગઢ તથા લક્ષ્મી નારાયણ દેવના દેશના અનેક સ્થાનોમાંથી સંતોએ દર્શન અને આશિર્વાદનો લાભ આપ્યો હતો હજારોની સંખ્યામાં હરિભકતોએ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો નાનામોટા સ્વયં સેવકોએ ધોમતાપમાં તનમનધનથી સેવા કરી મહોત્સવને સફળ બનાવ્યો હતો

શાસ્ત્રી આંનદ સ્વરૂપ દાસજીએ એક યાદીમાં જણાવ્યું હતું.

### જાહેર થયેલ ધો. ૧૨ સીબીએસસી પરીક્ષામાં

# કોવાયા : આદિત્ય બિરલા સ્કુલનાં જીસીડબલ્યૂ નાં વિદ્યાર્થીઓનો ઉત્કૃષ્ઠ દેખાવ

## ભાવિન લાખણોત્રાએ ૯૨.૮ પીઆર મેળવ્યા






રાજુલા, તા. ૧૮

રાજુલા તાલુકાના કોવાયા માં આવેલ ધ આદિત્ય બિરલા પબ્લીક સ્કુલ જી.સી.ડબલ્યુ. ના વિદ્યાર્થીઓએ હાલમાં જાહેર થયેલ ધોરણ ૧૨ સી.બી.એસ.સી.ની પરીક્ષાનું પરિણામ સારુ આવેલ છે.

જેમા કોવાયા ગામના વતની અને કોવાયા અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીના માઈન્સ ડિપાર્ટમેન્ટમાં નોકરી કરતા બાવાભાઈ ભગવાનભાઈ લાખણોત્રા નો સુપુત્ર ભાવિનભાઈ બાવાભાઈ લાખણોત્રાએ ધોરણ ૧૨ સી. બી.એસ.સી. ની પરીક્ષાના પરિણામમાં અગ્રેસર સારા એવા માર્કસથી પાસ થયેલ છે.

ધોરણ ૧૨ સી.બી. એસ.સી.ની પરીક્ષામાં ભાવિનભાઈ બાવાભાઈ લાખણોત્રાએ રાત-દિવસ તનતોડ મહેનત કરતા તેને તેનું ફળ મળ્યું છે. ભાવિનભાઈની રાત -દિવસની તનતોડ મહેનતથી તો એ ધ આદિત્ય બિરલા પબ્લીક સ્કુલમાં ધોરણ ૧૨ સી.બી.એસ. સી.ના પરીક્ષાના પરિણામમાં ૯૨.૮ ટકા મેળ વી સમગ્ર સ્કુલમાં ટોપ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

ભાવિનભાઈ લાખણોત્રા એ એક શાંત સ્વભાવના વ્યકિત છે. તેઓ નાનપણથી જ અભ્યાસમાં ખુબ રસ ધરાવતા હતા, અને રાત-દિવસની તેમની અભ્યાસ પ્રત્યેની તનતોડ મહેનત રંગ લાવી છે. તેઓ પોતાની મહેનત અને આવડતથી હંમેશા સ્કુલમાં ટોપ જ આવતા હતા, અને આજે પણ ધોરણ ૧૨ સી.બી.એસ.સી. પરીક્ષાના જાહેર થયેલ પરિણામમાં તેઓ ૯૨.૮ ટકા મેળવીને ફરીવાર સ્કુલ ટોપ આવ્યા છે.ભાવિનભાઈએ ધોરણ ૧૨ સી.બી.એસ.સી.ની પરીક્ષામાં ધ આદિત્ય બિરલા પબ્લીક સ્કુલમાં ટોપ આવતા તેમને તેમના પરિવાર, સમાજ અને સ્કુલનું નામ રોશન કરેલ છે. આથી ભાવિનભાઈ લાખણોત્રા સ્કુલ ટોપ આવતા તેમના પર ઠેર-ઠેર થી અભિનંદનની વર્ષા થઈ રહી છે.

### વિદ્યાર્થીઓને પુસ્તક આપવાનું શરૂ કરી દેવાયુ

# ધોરણ ૯ થી ૧૨માં ટ્રાફિક શિસ્ત અને ગીતાનાં પાઠ ભણાવાશે

અમદાવાદ,તા.૧૮

રાજ્ય સરકાર દ્વારા જૂન ૨૦૨૪થી શરૂ થતાં શૈક્ષણિક વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓને પુસ્તક આપવાનું શરૂ કરી દેવાયું છે. ૩૦મી મે સુધી પુસ્તકો શાળામાં પહોંચી જાય તેવી વ્યવસ્થા કરવાનું આયોજન કરાયું છે.

મહત્વનું છે કે શહેરોમાં સર્જાતી ટ્રાફિક સમસ્યાને લઈ નાગરિકોમાં ટ્રાફિક અંગે સમજ કેળવાય તે હેતુથી પ્રથમ વખત ધોરણ ૯ અને ૧૦માં ટ્રાફિકનું પ્રકરણ ઉમેરવામાં આવ્યું છે.

ગુજરાત પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ધોરણ ૯ અને ૧૦માં સામાજીક વિજ્ઞાનમાં અને ધોરણ ૧૧ અને ૧૨માં ગુજરાતી માધ્યમમાં રોડ સેફ્ટી અંગે ચેપ્ટર ઉમેરવામાં આવ્યું છે. જેમાં વાહનચાલકે ખઈ બાજુ વાહન ચલાવવું, સીટ બેલ્ટ પહેરવું, વાહન પાર્ક કરતી વખતે રાખવામાં આવતી સાવચેતી સહિતનું વર્ણન કરવામાં આવ્યું છે. ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવવાની વય મર્યાદા, લેન ડ્રાઈવિંગ, ચોકડી, ગોળાઈ, વાહન ઓવરટેક કઈ રીતે કરવું, તેની માહિતી આપી મહત્વ પણ સમજાવવામાં આવ્યું છે. રાજ્ય સરકાર દ્વારા શ્રીમદ ભગવદ ગીતાના પાઠ તબક્કાવાર અભ્યાસક્રમમાં દાખલ કરવામાં આવ્યો છે.

ધોરણ ૬થી ૮ બાદ હવે ધોરણ ૧૧ અને ૧૨માં માત્ર ગુજરાતી માધ્યમમાં શ્રીમદ ભગવદ ગીતાના પ્રકરણને ઉમેરવામાં આવ્યું છે. આગામી સત્રથી નવા પાઠ્ય પુસ્તકો અમલમાં આવશે.

### શિવસેના, UBT, NCPSP, કોંગ્રેસની પત્રકાર પરિષદ યોજાઇ

# જ્યારે મોદી હારવા લાગે છે ત્યારે તેઓ પાકિસ્તાન લાવે છેઃ ઉદ્ધવ ઠાકરે

મુંબઈ, તા.૧૮

મહાવિકાસ અઘાડીના ઘટક પક્ષો જેવા કે શિવસેના, **UBT, NCPSP** અને કોંગ્રેસે મુંબઈમાં પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. આ દરમિયાન શરદ પવાર, ઉદ્ધવ ઠાકરે અને મલ્લિકાર્જુન ખડગે હાજર રહ્યા હતા. આ દરમિયાન મલ્લિકાર્જુન ખડગેએ પીએમ નરેન્દ્ર મોદી પર ખૂબ નિશાન સાધ્યું હતું. પ્રેસને સંબોધિત કરતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે, પીએમ નરેન્દ્ર મોદીના ઈશારાઓ પર બધું થાય છે, તેમાં કોઈ શંકા નથી. તેઓ જે કહે છે તે થાય છે. પરંતુ આ વખતે તેઓ ચૂંટણીમાં તે નહીં થાય. જનતાની લડાઈ પોતે જનતા જ તેમની સામે લડી રહી છે મહારાષ્ટ્રમાં મહાયુતિની સરકાર છેતરપિંડીથી બનાવવામાં આવી છે. પીએમ તેમને સમર્થન આપી રહ્યા છે અને તેઓ અન્ય રાજ્યોની મુલાકાતે છે. વડાપ્રધાન મોદીએ સમાજને તોડવાનું કામ કર્યું છે. ભાગ્યે જ કોઈ પીએમએ આ પ્રકારનું કામ કર્યું હશે મલ્લિકાર્જુન ખડગેએ વધુમાં કહ્યું કે, હું ૫૩ વર્ષથી રાજકારણમાં છું. દેશમાં વિશ્વાસઘાતની રાજનીતિ ચાલી રહી છે. વિપક્ષ તોડવા માટે ધમકીઓ અને બ્લેકમેલનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. સ્ફછ મહારાષ્ટ્રમાં ૪૮માંથી ૪૬ સીટો જીતશે. તેમણે વધુમાં કહ્યું કે, વડાપ્રધાન કહે છે કે તેઓ ૮૦ કરોડ ગરીબોને ૫ કિલો રાશન આપશે. પરંતુ સરકાર બન્યા બાદ અમે ૧૦ કિલો રાશન આપીશું. આ દરમિયાન મલ્લિકાર્જુન ખડગેએ કોંગ્રેસના વચનો પણ સંભળાવ્યા. બાદમાં શરદ પવારે કહ્યું કે, અમે મનમોહન સરકાર દરમિયાન લોકોને ચોખા અને ઘઉં આપવાનું શરૂ કર્યું હતું. મનમોહન સરકાર દરમિયાન ભારત ચોખાના ઉત્પાદનમાં બીજા ક્રમે હતું.ઁસ મોદી આજે જે મફત રાશન વિતરણનો શ્રેય લઈ રહ્યા છે, તે મનમોહન સિંહની સરકારે બનાવેલા નિયમોના કારણે થઈ શક્યું છે. આ દરમિયાન ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે, ૪ જૂન પછી દેશમાં ખરેખર સારા દિવસો આવવાના છે. **PM** મોદી તો માત્ર સૂત્રોચ્ચાર કરે છે. આ જુમલા સરકાર ૪ જૂને કેન્દ્રમાં રહેવાની નથી. તેમણે વધુમાં કહ્યું કે, સુપ્રીમ કોર્ટે સરકારને ગેરકાયદેસર જાહેર કર્યા પછી પણ વડાપ્રધાન નકલી લોકો સાથે ફરે છે. જેઓ તેમના વિચારો સાથે સહમત નથી તેઓ આવતીકાલે **RSS**ને પણ નકલી જાહેર કરી દેશે. ભાજપના મનમાં પાકિસ્તાન છે. **PM** મોદી પોતે પાકિસ્તાનમાં નવાઝ શરીફ સાથે તેમના ઘરે કેક ખાઈ રહ્યા હતા. જ્યારે **PM** મોદી હારવા લાગે છે ત્યારે તેઓ પાકિસ્તાન લાવે છે. પુલવામા હુમલા પર તત્કાલીન રાજ્યપાલ સત્યપાલ મલિકે જે કહ્યું હતું, તેના કારણે પણ તે ઘટના પર શંકા જાય છે. ચીન અરુણાચલ પ્રદેશના ગામોના નામ બદલી રહ્યું છે. પરંતુ તેમનું કહેવું છે કે નામ બદલવાથી કોઈ ફરક પડતો નથી, કારણ કે તેઓ માત્ર પાર્ટીને તોડવાનો પ્રયાસ કરી રહ્યા છે.

જિલ્લામાં ટોપર્સ આપતી એકમાત્ર કોમર્સ સ્કૂલ એટલે...
એપેક્ષ સ્કૂલ ઓફ કોમર્સ
સાતમા વર્ષે ફરી એપેક્ષ સ્કૂલ નો ડંકો...
Once Again માર્ચ 2024
સમગ્ર બોર્ડમાં બીજા સ્થાને...
અને સમગ્ર
અમરેલી જિલ્લામાં પ્રથમ સ્થાને...
સાવલીયા દિક્ષિતા A1 Grade 99.98 P.R.
આંકડા : 100/100
SPCC : 100/100
અર્થશાસ્ત્ર : 99/100
નામુ : 98/100
વા. વ્યવસ્થા : 95/100
માર્ચ 2018 જિલ્લા દ્વિતિય ચાવડા કૃણાલ 99.78 P.R.
માર્ચ 2019 જિલ્લા પ્રથમ જોષી જાહન્વી 99.88 P.R.
માર્ચ 2020 જિલ્લા દ્વિતિય દેવાણી ભાર્ગવ 99.27 P.R.
માર્ચ 2021 જિલ્લા દ્વિતિય ગોહિલ પુજા 99.71 P.R.
માર્ચ 2022 જિલ્લા દ્વિતિય વેકરીયા હિતેશ્રી 99.77 P.R.
માર્ચ 2023 જિલ્લા પ્રથમ કારીયા ક્રિનલ 99.97 P.R.
ધો. ૧૧ કોમર્સ શા માટે એપેક્ષ સ્કૂલમાં જ...
■ વિષય નિષ્ણાંત, અનુભવી, અને કવોલીફાઈડ સ્ટાફ...
■ ચેપ્ટરવાઈઝ અને વિકલી ટેસ્ટ દ્વારા સર્વગ્રાહી મુલ્યાંકન...
■ એક વર્ગમાં માત્ર ૩૦ વિદ્યાર્થીઓની જ સંખ્યા...
■ ડાઉટફૂલ પ્રશ્નોનું વ્યકિતગત સોલ્યુશન...
■ દરેક વિષયનું 100 ગુણનું Most IMP મટીરીયલ્સ
■ CCTVથી સમગ્ર કેમ્પસનું મોનીટરીંગ...
■ હોસ્ટેલ સુવિધા...
■ વિશાળ પ્લે ગ્રાઉન્ડ... ■ સ્કૂલ બસ સુવિધા...
અમારી શાળા જેવું શિક્ષણ અને અનુભવી શિક્ષકોની ટીમ બીજે ક્યાંય નહિ... : કોમર્સની નં. ૧ ટીમ :
મનિષ સર M.Com., B.Ed. (આંકડાશાસ્ત્ર) અનુભવ : 17 વર્ષ
વડાલિયા સર M.A., B.Ed. (અર્થશાસ્ત્ર) અનુભવ : 14 વર્ષ
સાગર સર M.Com., B.Ed. (નામાના મુળતત્વો) અનુભવ : 8 વર્ષ
મિતલ મેડમ M.A., B.Ed. (અંગ્રેજી) અનુભવ : 7 વર્ષ
પાર્થ સર M.Com, B.Ed. (BA/SPCC) અનુભવ : 10 વર્ષ
સુધીર સર M.A., B.Ed. (ગુજરાતી) અનુભવ : 15 વર્ષ
ગર્લ્સ / બોયઝ હોસ્ટેલ સુવિધા
પ્રવેશકાર્ય શરૂ...
: કાર્યક્ષેત્ર : ધોરણ ૧ થી ૧૨ કોમર્સ / આર્ટસ
...પ્રવેશ સંપર્ક...
82009 23707
અખાડાના ગેઈટ સામે, સુખનિવાસ કોલોની રોડ, અમરેલી.

અમરેલીનું સૌ પ્રથમ પ્લેહાઉસ અને ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ ( ૨૦૦૨ થી )
આપના મોબાઈલમા QR કોડ સ્કેન કરો
'ઈસ્કૂલી લાઈવ બુક' દ્વારા બાળકોને અભ્યાસ માટે હવે સંપુણ આઝાદી ભણશે ગમે ત્યારે, ગમે એટલીવાર
છેલ્લા ૨૦ વર્ષથી બાળકોને ભાતીગળ સંસ્કૃતિની વિરાસત સાથે આધુનિક ટેકનોલોજી દ્વારા શિક્ષણ આપી બાળકોની કારકિર્દી માટે મદદરૂપ બનતી અમરેલી શહેરની એક અને એકમાત્ર સ્કૂલ, હવે ૨૧ મી સદીના ડીજીટલ યુગમાં એક નવા જ રીસર્ચ દ્વારા અમો લાવ્યા છીએ 'ઈસ્કૂલી' ડીજીટલ અભ્યાસક્રમ જેના કારણે બાળકો અભ્યાસમાં પરફેક્ટ બની શકસે. ઓફ લાઈન સાથે હવે ડીજીટલ માધ્યમ પણ ઉપલબ્ધ ...
શરૂ થતાં નવા સત્ર માટે... પ્રવેશ શરૂ
પ્રવેશ માટે સવારે ૯:૦૦ થી ૨:૦૦ સુધીમાં રૂબરૂ સંપર્ક કરો

કોઈપણ સ્કૂલ બાળકોને એકજવાર અભ્યાસ કરાવે છે. જયારે ડીજીટલના માધ્યમ (સ્કેન એન્ડ લર્ન) તથા મોબાઈલ એપ દ્વારા બાળ કોને અનેકવાર અભ્યાસ કરાવી ઓનલાઈન ટેસ્ટ અને રીવીઝન દ્વારા બાળકોને પરફેકટ બનાવતી શહેરની એકમાત્ર સ્કૂલ
CBSE પધ્ધતિ મુજબનું શિક્ષણ જેથી કોઈપણ મેગાસીટીમાં અભ્યાસ માટે સક્ષમ બની શકે

e એજયુકેશન
મેટ્રોપોલીટીન શહેરો જેવી સુવિધા ધરાવતી અમરેલીની એકમાત્ર સ્કૂલ
■ કોમ્પ્યુટર લેબની સુવિધા
■ સાયન્સ લેબ
■ લેન્ગવેજ લેબ
■ ઓડિયો વિડીયો એજ્યુકેશન
■ લાગણી સભર પ્રેમાળ સ્ટાફ
■ મિનરલ વોટર
■ ફાયર સેફ્ટી બિલ્ડીંગ
■ કેમેરા દ્વારા સુરક્ષા
■ સ્કૂલ બસ ની સુવિધા
■ એજ્યુકેશન ટોય્સ
■ ફેસ્ટિવલ સેલિબ્રેશન
■ ઓનલાઈન એપ
■ ઓનલાઈન ટેસ્ટ
■ વૉટ્સએપ રિપોર્ટ
■ પેરેન્ટ્સ મિટિંગ
■ મધર્સ ટ્રેનિંગ
■ પેરેન્ટ્સ સેમિનાર
■ ડિજિટલ બુક્સ
■ રીવીઝન માટે મોબાઈલ એપ
■ ઈન્ટરેક્ટિવ કલાસરૂમ
■ પેરેન્ટ્સ દ્વારા ટેસ્ટ
અન્ય સ્કૂલોની વિચારધારા જયાં પુરી થાય, ત્યાંથી સનફલાવરનું શિક્ષણ શરૂ થાય છે...
PLAY HOUSE @ L.K.G. @ U.K.G. ધોરણ ૧ થી ૮ સુધી
SUNFLOWER™ Preschool
લાઠી રોડ, કાર વર્લ્ડ શો રૂમ પાછળ, અમરેલી. મો. ૯૪૨૮૭ ૦૮૮૮૦
sunflowerpreschool.in

## જાળવણીનાં અભાવે કિંમતી વાહનો બિસ્માર બનતા રોષ

# ચલાલા : પાલિકાનાં અનેક વાહનો ભંગાર બની ગયા

**જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી ખરીદાયેલ ટીપરવાન, એમ્બ્યુલન્સ, જેસીબી સહિતનાં વાહનોની હાલત દયનીય**

**ફાયર ફાઈટર સહિતનાં વાહનો નકામા પડયા હોય પદાધિકારી કે અધિકારીને કોઈ ચિંતા નથી**

**શહેરની ૩૦ હજાર કરતાં વધુ જનસંખ્યા હોય કોઇને પણ સુવિધા આપવામાં રસ નથી**

**પ્રાદેશિક કમિશનરે આકસ્મિક મુલાકાત લઇને વાહનોની ચકાસણી કરવી જોઇએ**




અમરેલી, તા. ૧૮

ચલાલા શહેરની પાલિકાની અણઆવડત અને ગંભીર પ્રકારની બેદરકારીનાં કારણે એમ્બ્યુલન્સ, ફાયર ફાઈટર, જેટીંગ મશીન અને ટીપરવાન જાળવણીનાં અભાવે ભંગાર હાલતમાં પડયા હોય શહેરીજનોમાં આશ્ચર્ય સાથે રોષની લાગણી ઉભી થઈ છે.

શહેરની ૩૦ હજાર કરતાં વધારે જનસંખ્યાની સુવિધા માટે જનતા જનાર્દનનાં પરસેવાનાં લાખો રૂપિયાનાં ખર્ચે અનેક વાહનોની ખરીદી કરવામાં આવ્યા બાદ થોડા મહિનાઓ ઉપયોગ કર્યા બાદ પાલિકાનાં શાસકોની અણઆવડત કર્મચારીઓની બેદરકારીનાં લીધે કિંમતી વાહનો ભંગાર હાલતમાં આવી ગયા હોય પ્રાદેશિક કમિશનરે આકસ્મિક મુલાકાત લઈને ભંગાર બનેલ વાહનોની મરામત કરવાની સુચના આપવી જોઈએ તેવી માંગ ઉભી થઈ છે.

### તેની બહેન સાથે સતત વાત કરતી હોય

## ધારીનાં પ્રેમપરામાં રહેતી પરિણીતાને પતિએ ઠપકો આપતાં ગળાફાંસો ખાઈ લીધો

અમરેલી, તા. ૧૮

ધારીના પ્રેમપરા વિસ્તારમાં રહેતા દયાબેન ધીરૂભાઈ કુવારદા નામની ૩૫ વર્ષિય પરિણીતા અવાર–નવાર ફોનમાં તેના બેન અને અન્યની સાથે વાત કરતી હોય. જેથી તેણીના પતિ ધીરૂભાઈ ગોગનભાઈ કુવારદાએ તેણીને ફોનમાં વાત કરવાની ના પાડતા તેણીને લાગી આવતા દયાબેને પોતે પોતાની મેળે પોતાના ઘરે ઘરમાં છતના હુકમાં દોરડુ બાંધી ગળે ફાંસો ખાઈ જતા મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### લાઈટબિલ બાબતે મનદુ:ખ રાખીને

## ભાકોદર ગામનાં માર્ગ ઉપર વીજકર્મી ઉપર કોવાયાનાં ઈસમે હુમલો કર્યો


**વીજકર્મીએ ફરજમાં રૂકાવટની ફરિયાદ કરી**

અમરેલી, તા. ૧૮

જાફરાબાદ ગામે સાંઈનાથ સોસાયટી જી.ઈ.બી. ઓફીસ પાસે રહેતા અને જી.ઈ.બી. માં નોકરી કરતાં નિકુંજભાઈ હેમરાજભાઈ સાવલીયા

અનુસંધાન પાના ૬ ઉપર






















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)